


ભાવનગરાધિપતિ મહારાજા શ્રી ભાવસિંહજી
વિવિધ જ્ઞાન ગ્રન્થમાળા.

(મણકો ૧૮ મો.)

અધ્યાત્મિક વિજ્ઞાન તત્વ.

અથવા

પૂર્વજોની જોડે વાતચીત કરવાની વિદ્યા.

લખનાર

નારાયણ હેમચંદ્ર.

અમદાવાદ.

યુનાઇટેડ પ્રેસ.

કિંમત આઠ આના.

ભાવનગરાધિપતિ મહારાજ શ્રી ભાવસિંહજી વિવિધ જ્ઞાન ગ્રન્થમાળામાંનાં આ લખનારનાં પુસ્તકો.

વિવિધ જ્ઞાન.	૦—૮—૦
રત્નાવળી	૦—૮—૦
રોમિયો અને જ્યુલિયટ	૦—૮—૦
અપરાધતત્વ.	૦—૮—૦
ભૂતતત્વ વિવેક એટલે માણસને પારખવાની વિદ્યા...	૦—૮—૦
નાની મીઠી વાર્તા...	૦—૮—૦
વાસવદત્તા	૦—૮—૦
સૌન્દર્યતત્વ...	૦—૮—૦
પ્રેમતત્વ	૦—૮—૦
કમળ કુમારી	૦—૮—૦
બૈજિક તત્વ એટલે પ્રાણીઓની ચઢતી કરવાની વિદ્યા......	૦—૮—૦
કાલિદાસ અને શેકસપિયરની તુલના	૦—૮—૦
કવિતત્વ	૦—૮—૦
કાવ્યતત્વ	૦—૮—૦
હૃદયતત્વ અથવા ચારિત્ર...	૦—૮—૦
ઈશ્વર જ્ઞાન...	૦—૮—૦
ધર્મ જ્ઞાન	૦—૮—૦
આધ્યાત્મિક વિજ્ઞાન તત્વ	૦—૮—૦
જયસિંહ	૦—૮—૦
વિવિધ મીઠી વાર્તાઓ	૦—૮—૦

મળવાનું ઠેકાણું:—નારાયણ હેમચંદ્ર, અમદાવાદ.

અનુક્રમ

નારાયણ હેમચંદ્રનાં પુસ્તકો.

નવલ કથાનાં પુસ્તકો.

	રૂ.	આ.	પા.
દુર્ગેશનન્દિની......	૦	૮	૦
જીવન પ્રભાત ...	૧	૦	૦
જીવન સંધ્યા ...	૧	૦	૦
સંન્યાસી	૦	૬	૦
શરત્ચંદ્ર	૦	૮	૦
યોગજીવન. ...	૦	૧૨	૦
ગંગા ગોવિંદસિંહ.	૦	૧૨	૦
હૃદય વિકાસ. ...	૦	૬	૦
શકુન્તલા	૦	૪	૦
વિક્રમોર્વશી. ...	૦	૪	૦
ઉત્તરરામ ચરિત...	૦	૬	૦
માલતી માધવ ...	૦	૬	૦
વૈદ્યકન્યા	૦	૬	૦
કૃષ્ણલાલનું વિલ...	૦	૧૨	૦
માણેક	૦	૧૨	૦

સાહિત્યનાં પુસ્તકો.

ગ્રન્થચર્ચા... ...	૦	૬	૦
કાવ્યચર્ચા... ...	૦	૬	૦
નાટ્ય ચર્ચા ...	૦	૬	૦
સંગીત ચર્ચા ...	૦	૬	૦
ઐતિહાસિક ચર્ચા	૦	૬	૦

જીવન ચરિત્રનાં પુસ્તકો.

વીરમંડળભાગબીજો	૧	૧૨	૦
સ્વદેશપ્રેમી પુરુષો.	૦	૬	૦
સદ્વર્તનશાળીબાળકો	૦	૬	૦
સદ્વર્તનશાળીસ્ત્રીઓ	૦	૬	૦
સદ્વર્તનશાળી પુરુષો	૦	૬	૦
છોકરાંનાં સારાં કામ	૦	૬	૦
સ્ત્રીઓનાં સારાં કામ	૦	૬	૦
ઉદ્યોગી પુરુષો ...	૦	૪	૦
ધાર્મિક પુરુષો ...	૦	૪	૦
થિયોડર પાર્કરનું જીવન ચરિત ...	૦	૮	૦
જોન સ્ટુઅર્ટ મિલનું જીવન ચરિત ...	૦	૮	૦
ફાધર ડામિયેનનું જીવન ચરિત ...	૦	૬	૦
ડાકટર સામ્યુઅલ જોનનું જીવનચરિત	૦	૬	૦
કેશવ ચરિત ...	૦	૬	૦
આર્ય જીવન ચરિત.	૦	૬	૦
બહેનડોરાનું જી. ચ.	૦	૨	૦
પ્રખ્યાત સ્ત્રીઓનાં ગુણકીર્તન ...	૦	૪	૦
પ્રાચીન હિંદુ સ્ત્રીઓનાં યશોગાન.	૦	૪	૦
સીતા ચરિત ...	૦	૪	૦
સીતા વનવાસ ...	૦	૪	૦
જનહિતકારિણીસ્ત્રીઓ	૦	૪	૦
વીરમંડળ ભાગ ૧લો.	૧	૧	૦
પરોપકારીઅબળાઓ	૦	૧	૦
સતી સ્ત્રીઓ ...	૦	૪	૦
બોધક ચરિત્ર ...	૦	૪	૦
Noble Deeds of boy	૦	૬	૦
Noble Deeds of Meu	૦	૬	૦
Noble Deeds of... Women and Girls	૦	૬	૦
Specimenes of Virtue	૧	૦	૦
The Light of India or Sita	૧	૦	૦
પૌરાણિક આખ્યાયિકા	૦	૧	૦

મળવાનું ઠેકાણું:—નારાયણ હેમચંદ્ર, અમદાવાદ.

અધ્યાત્મ વિજ્ઞાન તત્વ.

આરંભ.

માણસ મર્યા પછી બીજાના શરીરમાં આવે છે, કોઈ કોઈ વેળાએ માણસોને નજરે પડે છે, અને ઘણી જાતનાં અજાયબીનાં કામ કરે છે; આવું કહેતું સર્વદા સંભળાય છે. હિન્દુસ્તાનમાં, ઈરાન, કાલડિયા, ઇજિપ્ત ચીન, ગ્રીસ અને રોમના ઇતિહાસમાં તથા ધર્મ શાસ્ત્રમાં સ્વપ્નામાં અથવા જાગ્રતાવસ્થામાં મરેલા માણસની જોડે મોલાકત તથા વાતચીત થવાના ઘણા વૃત્તાન્ત મળે છે. જો કે હાલમાં જોવામાં આવતા વિષયો ઉપર વધારે ચર્ચા થવાથી અપ્રત્યક્ષ વિષયમાં અવિશ્વાસ હોવાને લીધે ઘણાકો એ હકીકતને મનકલ્પિત સમજે છે, તથાપિ કેટલાંક વર્ષ થયાં અમેરિકા, જર્મની, ફ્રાન્સ, ઈંગ્લંડ વગેરે દેશમાં જે અદ્‌ભુત બનાવો હજારો માણસોની સામે થાય છે, તેથી પુષ્કળ માણસોનો એવો દૃઢ વિશ્વાસ ઉત્પન્ન થયો છે કે, મૃત્યુના પછી જીવાત્માનું જૂદુ હયાતીપણું તથા જ્ઞાન રહેછે, અને કોઇ વખતે જીવતાં માણસોની આગળ પોતાનો દેખાવ તથા તેની સાથે વાતચીત કરી શકે છે.

આ વિશ્વાસવાળા વિજ્ઞાનને તથા ધર્મની એક સ્વતંત્ર પદ્ધતિ મુકરર થઇ છે તેને અંગ્રેજીમાં Spiritualism અથવા અધ્યાત્મ વિજ્ઞાન કહે છે. જેઓ એ મતને માને છે તેઓને અધ્યાત્મવાદી કહે છે. અને પરલોકમાં ગયલા માણસને Spirit એટલે આત્મા કહેવામાં આવે છે.

અધ્યાત્મ વિજ્ઞાનનો ઈતિહાસ.

અમેરિકામાં અધ્યાત્મ વિજ્ઞાન એટલે Spiritualism ની જેટલી ચર્ચા તથા ઉન્નતિ થઇ છે, તેટલી બીજે ક્યાં પણ દીઠામાં આવતી નથી, એ વાસ્તે અમેરિકામાં એ વિષયનો કેવી રીતે આરંભ થયો તેનું કંઇક વર્ણન આપવું દુરસ્ત ધારીએ છીએ.

ઇ. સ. ૧૮૪૪ માં અમેરિકાના ન્યુયાર્કની પાસે હાઇડસવિલ નામના ગામમાં એક નાના સરખા ઘરમાં એન પલવર નામની એક સ્ત્રી અને તેની છોકરી રહેતી હતી. એ ઘરની ચારે બાજુએથી એવો અદ્‌ભુત શબ્દ સંભળાતો હતો કે, તે બે સ્ત્રીઓ ભયભીત થઇને તે ઘર છોડીને બીજી જગાપર જઇ વસી. પછી ઇ. સ. ૧૮૪૭ માં તે ઘરમાં માઇકલ વિકમન નામનો એક કુટુમ્બવાળો માણસ રહ્યો, પરન્તુ તેણે પણ એક જાતનો અજાયબી ઉપજાવે એવો શબ્દ વારંવાર સાંભળીને તે ઘર છોડ્યું. ત્યાર પછી તા. ૧૧ ડિસમ્બર ૧૮૪૭ માં રોચેસ્ટરના રહેવાસી જાન. ડી. ફોકસ નામના એક પ્રતિષ્ઠિત જમીનદાર કેટલાક વખતને માટે તે ઘર ભાડે લઇને રહેવા આવ્યો. તે વેળાએ તેની સ્ત્રી અને મારગેરેટ તથા કેટ નામની બે કન્યાઓ સાથે હતી. જ્યારે તે ઘરમાં આવ્યો હતો, ત્યારે મારગેરેટની ઉમ્મર ૧૨ વર્ષની અને કેટની ઉમ્મર ૯ વર્ષની હતી.

એ ઘરમાં કુટુંબની જોડે ફોકસ રહ્યો ત્યારથી આગળના જેવો એક જાતનો શબ્દ થવા લાગ્યો. પછી ઇ. સ. ૧૮૪૮ ના જાનેવારી મહીનાની રાત્રે ખંજરીના અથવા ઢોલના જેવો સ્પષ્ટ અવાજ સંભળાવવા લાગ્યો, અને તેનાથી મેજ ખુરશી વગેરે ઘરનો સામાન તથા ઘરની પાટીયાની જમીન ધ્રુજવા લાગી. ધીરે ધીરે એ શબ્દ મોટો થવા લાગ્યો અને વખતો વખતો ઓરડામાં પગલાંનો અવાજ સંભળાવવા લાગ્યો. ઉપર લખેલી બે છોકરીઓ એક ઓરડામાં સૂતા પછી તેઓના પગ ઉપર કુતરાના જેવું કોઇ ભારી જન્તુ હોય તેમ લાગવા લાગ્યું, અને કેટે પોતાના શરીર ઉપર ઠાઢા હાથ ફેરવવાના જેવો સ્પર્શ અનુભવ કર્યો. કોઇ કોઇ વખતે પથ્થા-

રીનો ઓછાડ ખેંચીને નાખી દીધામાં આવતો હતો. આખો ફેબ્રુવારી તથા અડધા માર્ચ સુધી એ ધીરે ધીરે વધતો ગયો અને ઘરમાંના ટેબલ ખુરશી પેટીઓ ખસેડવામાં આવીને બીજે જગ્યાએ રહેતા હતા. દરરોજ રાત્રે ફોકસ અને તેની સ્ત્રી દીવો સળગાવીને ઘરમાં કોણ આવું કરે છે તે શોધતા હતાં પણ એ શબ્દનું તથા ફેરફારનું કંઇ પણ કારણ નક્કી કરી શકતા નહોતાં. તેઓ ઓરડાના દરવાજાની આગળ ઉભા રહેતાં. તે તેઓને અન્દરથી કોઇ હાથ પછાડવાનો અવાજ સંભળાતો પણ તેઓ તે ઓરડામાં જતા તો કંઇ જોઇ શકતા નહોતાં.

એ કન્યાઓનો ભય દૂર કરવા માટે એઓના ખાટલાઓ માબાપના સુવાના ઓરડામાં લાવ્યા, અને શબ્દ સંભળાય તો મૂગા રહેવું, એવું તેમના માબાપે સમજાવ્યું. પરન્તુ તેઓની મા સૂતાજ ફરી શબ્દો એવા મોટા થતા કે છોકરીઓએ મોટેથી ચીચીઆરી પાડી "તેઓ વળી અહિં આવ્યા છે." આમ કહીને તેઓ પથ્થારી ઉપરથી ઉઠીને બેઠી, તે વેળાએ છોકરીની મા ઉઠીને પોતાના સ્વામીને જગાડ્યો. દરવાજાની સાસિ એટલે કાચના દરવાજામાં હવા લાગીને આવા શબ્દ થાય છે કે નહિ તેની પરીક્ષા કરીને જોવા લાગ્યો, પરન્તુ ફોકસે દરવાજા હલાવ્યો તેમાંથી એક જાતનો શબ્દ થયો, તેની નાની છોકરી કેટ ઘરમાં પણ તેના જેવા બીજો એક અવાજ સાંભળ્યો. એથી પેલી બુદ્ધિમતિ કેટે પોતાની આંગળીઓ વગાડીને બોલી "ઓ ભૂત! હું જે કરૂં છું તમે પણ તે કરો" આવું કહીને તેણે જેટલી વાર આંગળી વગાડી તેટલીવાર જૂદા જૂદા શબ્દ થયા. ત્યારે કેટ માની આગળ આવીને બોલી, "જો મા!" આમ કરીને એક તાળી મારી, તરત તે પ્રમાણે બીજો એક શબ્દ થયો.

કેટની માને તે વેળાએ કંઇક સમજણ પડી તેથી તે અદૃશ્ય માણસને સંબોધીને બોલી, "દશ ગણો" તરત દશ ઘા મારવાના શબ્દો થયા. "મારી દીકરી માર્ગેરેટની ઉમ્મર કેટલી છે!" એવું કહેતાંજ બાર મારવાના અવાજ સંભળાયા. "કેટની કેટલી ઉમ્મર છે"? તેમાં નવ શબ્દ થયા, ત્યારપછી તેણે એ સવાલ પૂછ્યો કે, "મને કેટલા છોકરાં

થયા છે ?" તેના જવાબમાં સાત અવાજ સંભળાયા, પરન્તુ તેને છ છોકરાં હોવાથી તેણે જાણ્યું કે, એ છુપો પુરૂષ ભૂલે છે, એ વાસ્તે ફરી એ સવાલનો જવાબ આપવા કહ્યું. તે વેળાએ એકાએક તેને યાદ આવ્યું કે, એક છોકરો પહેલો મરી ગયો છે. ત્યાર પછી તેણે પૂછ્યું, "મારા સર્વે છોકરાં શું જીવતા છે," આ પ્રશ્નનો કંઇ ઉત્તર મળ્યો નહિ. ત્યારે તેણે પૂછ્યું, "મારા કેટલા છોકરાં જીવતા છે" એના ઉત્તરમાં છ અવાજ સંભળાયા, અને "કેટલા મર્યા છે." એના જવાબમાં ફક્ત એક અવાજ સંભળાયો, ઉપલા સવાલોના જવાબ ખરા મળ્યા છે તેથી પેલી સ્ત્રીએ પૂછ્યું "તમે શું માણુસ છો ?" તેનો કંઇ જવાબ મળ્યો નહિ. પછી "તમે શું ભૂતયોનિ છો" એના ઉત્તરમાં એક ટકોરો થયો.

ત્યાર પછી ફોકસે પોતાના પડોશીઓને આ આશ્ચર્યકારક બનાવ દેખાડવાને માટે બોલાવ્યા, ત્યાં ઘણાં માણુસો એકઠાં થયા, અને તેઓએ જે પ્રશ્નો પૂછ્યાં, તે ઉપર કહેલી રીતે અવાજથી તેના ખરા ઉત્તર મળ્યા. પહેલાં પહેલાં પ્રશ્નના ઉત્તર નીશાનીથી નક્કી થતા હતા.એટલે એકવાર અવાજ થયાથી "ના" બેવાર થયાથી 'સંદેહવાળું' અને ત્રણવાર થયાથી "હા' સમજાતું ઇત્યાદિ પછી વર્ણમાળાની મદદથી અતિ સુન્દર અને સ્પષ્ટ રીતે ઉત્તરો નિરૂપિત થતા હતા; તેનું વિવરણ આ છે, એક માણુસ અંગ્રેજી અક્ષરોને પહેલેથી એક એક અક્ષર બોલે જેમકે એ. બી. સી. ઇત્યાદિ એમાં આત્માનો ઉત્તર જે વાકયથી થાય તેનો પહેલો અક્ષર ઉચ્ચારિત થતાંજ ત્રણ શબ્દ થતા હતા, ફરી વર્ણમાળા ઉચ્ચારિત થયાથી ઉત્તરના વાક્યના બીજા અક્ષરમાં ઠોકર પડતી. આવી રીતે ધીરે ધીરે વાકયના સઘળા અક્ષર એકત્ર મેળવીને સંપૂર્ણ જવાબ મળતો હતો.

ઉપર લખેલી રીતે પ્રશ્નોત્તરથી તઓને જણાયું કે જવાબ આપેનારો મૃત ચારલસ વિ રોસમર હતો. તે એક સામાન્ય મુસાફરી કરીને ધંધો કરનારો હતો. તેનું ધન લુટી લેવાના ઇરાદાથી તે ઘરમાં આગળ એન. સિ. બેલ નામના એક મજુરે તેનું ખુન કરી તેનું મુડદુ તે ઘરના વાડામાં ડાટી રાખ્યું હતું, તે વેળાએ પેલા ખુન કરનાર મજુરની પાસે

તે ઉકિશિવાપલ્લવર નામની એક ચાકરડી હતી તેની સાક્ષીથી તે પૂરવાર થયું. તે વેળાએ તે વેપારી પેલા ઘરમાં આવ્યો હતો તે વેળાએ પેલી ચાકરડીને કોઇ કામને બહાને તેને બહાર મોકલી હતી. અને તે પાછી આવીને જોયું તો વાડાની જમીન ખણેલી છે, પછી બેલે એ જમીન છાનેમાને ઠીક કરી હતી. ત્યારથી તે વેપારી જોવામાં આવ્યો નહિ, હમણાં એ વાડાની જમીન ખણ્યાથી એક માણસનું હાડ પીંજર જોવામાં આવ્યું હતું.

આ આશ્ચર્યકારક બનાવના સમાચાર વિજલીની પેઠે ચારે બાજુએ પસર્યા, વર્ત્તમાનપત્રમાં તે પ્રકટ થયા, અને આસપાસના નગર તથા ગામમાંથી સેંકડો માણસો ત્યાં આવવા લાગ્યાં. આવનાર માણસોએ ઉપલા બનાવની બારીકાથી શોધ કરીને જોયું કે, ઉપર લખેલા બનાવ પરલોકના આત્માનું કામ છે તે માન્યા સિવાય રહી શકયા નહિ. મતલબ કે એ નક્કી થયું કે આવા મોટા અને સ્પષ્ટ અવાજો કોઇ માણસની કોશળથી ઉત્પન્ન થઇ શકતા નથી, અને આ કામમાં જે જ્ઞાનની ઓળખાણ મળે છે તે કોઇ હાજર થયલા માણસમાં સંભવતું નથી. પરન્તુ જે માણસો પહેલા કોઇ વેળાએ આ પૃથ્વીમાં રહીને લોકાંતર થયા હતા, તેઓમાંના કોઇ કોઇએ હમણાં પૃથ્વીમાં આવીને પોતપોતાના પ્યારા મિત્રો તથા સગાંવહાલાંઓની આગળ પોતાની ઓળખાણ આપીને પોતાનું નિઃસન્દિગ્ધરૂપે જણાવવા માટે આ અલૌકિક કાર્ય કર્યું છે, જરા વિચાર કરીને જોયાથી આ વિષયમાં સિદ્ધાન્ત થઇ શકશે તેના સિવાય બીજો કંઇ ઉપાય નથી*.

ત્યાર પછી ફોકસ કુટુંબની જોડે રાચેષ્ટર શહેરમાં ગયો ત્યાં પણ એવા અવાજ સંભળાવવા લાગ્યા. એથી તે શહેરના તથા આસપાસના ગ્રામડાનાં માણસોનાં મન એકીવારે ઉત્તેજિત થઇ પડયાં. ઉપર લખેલા અદ્ભુત વિષયમાં વધારે તપાસ કરવા માટે સભા થઇ. સભાના મેમ્બરોએ જાહેર રીતે તથા છુપી રીતે નાના પ્રકારની શોધો કરી, પરંતુ ઉપર

---

* Howitt's His. of the Supirnatural, Clarke's Plain Guide to Supiritualism.

લખેલા બનાવના સંબંધ ભૂતના સિવાય બીજું કંઇ પણ સિદ્ધ કરી શક્યા નહિ. તે વેળાએ આ અજાયબવાળા વિષયની નવી નવી મૂર્ત્તિ ધારણ કરી અને નવા નવા મિડિયમની શોધો થઈ.

આ ઠેકાણે વાંચનારને જણાવવાની જરૂર છે કે ઉપલા અલૌકિક કામ કોઇ માણુસ વિશેષની મદદ વગર ઘણું કરીને થતુ નથી, એટલે કેટલાક માણુસની શરીરની તથા મનની પ્રકૃતિની એવી અવસ્થા થાય છે કે, તેની મદદથી પરલોકમાં ગયલા આત્મા પોતપોતાની શક્તિ વગર હરકતે પ્રકાશ કરી શકે છે, તેમ ન થયાથી તેઓનો યત્ન ઘણું કરીને સફળ થતો નથી. આવી જાતિના પ્રકૃતિવાળા માણુસને મિડિયમ એટલે ભૂતને લાવનાર કહેવાય છે, જેમ ફોક્સની કન્યા કેટ મિડિયમ થઇ હતી. આ અધ્યાત્મિક કાર્ય જોવા અથવા તેના કર્ત્તાની જોડે વાતચીત કરવા માટે કેટલાક માણુસો એકત્ર થઇને ગોળાકાર થઇને બેસવું તેઓને "સરકલ" એટલે ગોળાકાર અથવા ચક્ર તથા મંડળ કહેવાય છે.

ઈ. સ. ૧૮૪૮ થી ૧૮૯૩ સુધી ૪૫ વર્ષમાં અમેરિકામાં અધ્યાત્મ વિજ્ઞાનની એટલી ચઢતી થઇ છે કે આ અરસામાં પાંચશો મિડિયમ જાહેર રીતે બધાં માણસોને આ કાર્ય દેખાડે છે અને પંચાસ હજાર મિડિયમ છુપી રીતે પોતપોતાના મિત્રોની સાથે એકઠાં થઇને આ વિષયની ચર્ચા કરે છે, અને લગભગ બે હજાર જગાએ ઉપર લખેલી તત્વ શોધવાને માટે ચક્ર સ્થાપિત થયા છે. લગભગ એક શો પત્રિકામાં ઉપર લખેલું પ્રકાશ થાય છે અને પાંચશોથી વધારે પુસ્તકો પ્રકટ થયા છે. આ વખતે આ મતના સંપૂર્ણ વિશ્વાસીઓ વીશ લાખ તથા થોડા વિશ્વાસીની સંખ્યા ૫૦ લાખ માણુસોની છે.* રાજકાર્ય કરનાર, રાજ સભાના સભાસદો, જૂદા જૂદા દેશના પ્રતિનિધિઓ, મોટા ન્યાયાધિશો, ધર્મોપદેશકો, કાયદા ઘડનાર, શાસ્ત્રવેત્તા, વૈદો, અધ્યાપકો વગેરે ઘણા પ્રખ્યાત માણુસો આ મતને માને છે. તેઓમાં જડજ એડમન્ડસ, ડાક્ટર ટેચર, ન્યુયાર્કનો અધ્યાપક બુશ અને મેપસ તથા બોસ્ટ શહેરનો ચેનિંગ અર્ટથી ચઢતા હતા.

Clarke's Plain Guide to supiritualism, p. 35.

ડાક્ટર હેયર યુનાઇટેડ સ્ટેટનો રસાયન તથા વિજળીનો વિખ્યાત અધ્યાપક અને જડજ એડમન્સ કોલાબિયાની સુપ્રિમકોર્ટનો ન્યાયાધિશ હતો. એવોએ જૂદી જૂદી જાતની પરીક્ષા કરીને ઉપલા વ્યાપાર પિતૃઓના કાર્ય નિર્ણય કરવામાં તેઓનો દૃઢ વિશ્વાસ મળ્યો હતો અને આખરે બેઉ મિડિયમ થયા હતા.*

* Howitt's His. of the Supernatural.

મિડિયમના પ્રકાર.

મિડિયમ ઘણા જાતના છે એક માણસ બે ત્રણ અથવા તેનાથી વધારે જાતના મિડિયમ થઇ શકે છે.

૧ રેપિં, એટલે ટકારો મારનાર મિડિયમ, તે સર્વથી પ્હેલાં જાણવામાં આવ્યો. ફોકસની છોકરી કેટ એનું ઉદાહરણ છે. તેનું વૃત્તાન્ત આગળ લખી ગયા છીએ.

૨ ટિપિં એટલે મેજના પાયા ઉચકનાર મિડિયમ, એનાથી મેજ વગેરે ઉઠે છે.

ઉદાહરણ પિટસબર્ગ શહેરમાં એક સ્ત્રી આ જાતની મિડિયમ હતી, તે એક દહાડો સાંઝે પોતાના ઓરડામાં બીજી એક સ્ત્રી અને બે પુરૂષોની સાથે એક નાના મેજને વીંટલાઇને બેઠાં, થોડીવારે એ મેજ એકદમ હલવા લાગ્યું અને થોડીવાર પછી બે પગ કાયમ રહીને તેનો એક પગ ઉઠીને ટકોરા મારવા લાગ્યો અને તે મેજ ફરવા લાગ્યો. પેલા બે પુરૂષોએ પોતાની બધી શકિત લગાડી ત્યારે તે મેજ પહેલાની જગાપર આવ્યો.*

૩ મોટિવ એટલે ભારી વસ્તુ ઉપાડનાર તથા બીજી જગાએ લઇ જનાર મિડિયમ. ઉદાહરણ ડેનિયલ ડિ હોમ આ જાતનો એક મેડિયમ હતો તેણે પહેલાં અમેરિકામાં ત્યાર પછી યુરોપનો જૂદી જૂદી જગાએ એ કામ દેખાડયા હતા. તેમાંના બે દહાડાનું વર્ણન નીચે આપવામાં આવે છે.

તા. ૫ એપ્રેલ ૧૮૫૨ ની સાઝે સ્પ્રિંગફીલ્ડ નામના શહેરમાં રૂહલ એલમરના ઘરમાં એક ચક્ર થયું હતું, તેમાં વિલિયમ બ્રાઇન્ટ, બિકેબ્લિસ, વિલિયમ એડવર્ડસ તથા ડેવિડ, એલવર્ડસ વગેરે હતા. જે માણસો ટેબલને વીંટલાઇને બેઠાં હતાં, તે મેજ કોઇ જાહેર કારણ સિવાય એકદમ ચારે બાજુએ ઘણા જોરથી ફરવા લાગ્યું અને દરેક માણસને એવા બળથી ખસેડવા લાગ્યો કે, સર્વે પોતપોતાની ખુરશીની સામે આગળની જગાએથી ઘણાક છેટે ખસ્યા હતા. પછી વાલસ અને એડવર્ડસે સઘળા બળની સાથે

* Davis's Present age and Inner Life, p. 135.

એ ટેબલને જેટલો એક બાજુએ ખેંચવા લાગ્યો તેટલી બીજી બાજુએથી તે અદ્દશ્ય શક્તિ ખેંચવા લાગી. ગોળાકારના બધા માણસોના હાથ મેજના ઉપર રાખેલા હતા. તે ટેબલ કોઇ દ્દશ્યમાન શક્તિના સિવાય બે વાર જમીન ઉપર ઉઠીને કેટલીકવાર સુધી અધર રહ્યું હતું. ત્યાર પછી વાલસ એ મેજ ઉપર બેઠો તે થોડીવારમાં ઘણાજ વેગથી ફરવા લાગી અને અધર બે પગથી ઉભી રહી, તે વેળાએ બીજાઓએ એ મેજને સ્પર્શ કર્યો નહિ. પછી વાલસ, બ્લિસ અને એડવર્ડસ આ ત્રણ માણસ મેજના ઉપર બેઠા, તેથી પણ એ મેજ ચારે બાજુએ ફરવા લાગી..

તા. ૮ આગસ્ટ ૧૮૫૨ ને દિવસે માંચેસ્ટરમાં બાર્ડચેનીના ઘરમાં જે એક ચક્ર થયું હતું, તેમાં ઘણી જાતના કામ જોયા પછી એક માણસે કહ્યું કે, પૂર્વજો એવું કંઇ અદ્દ્ભુત દેખાડો કે, જેનાથી અહિંનાં બધાં માણસને પૂરો વિશ્વાસ થાય. આવું કહેતાં જ એકદમ હોમના ઘરની લાકડાની જમીન એક ફુટ ઉચ્ચે ઉઠી, એથી બધાં માણસો ધ્રુજવા લાગ્યાં અને તેઓના મનમાં ભય તથા આનન્દનો ભેલલો વિપરીત ભાવનો ઉદય થવાથી તે બોલી શકયા નહિ. તે પછી શૂન્યમાં ઉપડવા લાગ્યા અને આખરે એટલા ઉપર ગયા કે તેઓના હાથ તથા માથાં તે ઓરડાની છતને અડક્યા.*

૪ મ્યુઝિકલ એટલે વગાડનાર મિડિયમ એનો આશ્રય લઇને આત્માઓ વાજાથી તથા કોઇ કોઇ વખતે વાજા સિવાય વગાડે છે.

ઉદાહરણ યુનાઇટેડ સ્ટેસના ન્યુયાર્કના પરગણાના બરેલોમાં ઇરા ડેવનપોર્ટ તથા વિલિયમ ડેવનપોર્ટ નામના બે ભાઇઓ આ જાતના મિડિયમ હતા. એ બે ભાઇ કિં અને તાણેના બીજા કેટલાક વાજા વગાડનાર આત્માના મિડિયમ થઇને અમેરિકામાં ઘણી જગાએ તથા પછી ઇંગ્લંડમાં જઇને વગાડતાં સંભળાવીને ઘણા માણસોને અજાયબ કર્યાં હતા. તેમાંથી એક દહાડો પાર્ટિજ, મિલટેન બર્નર, ટેલર, ડાકટર હાલક, અધ્યાપક મેપલ વગેરે અમેરિકાના મોટાં માણસોએ આ બનાવ જોઇને જે વર્ણન લખ્યું છે

* Home's Incidents in my Life, p. 22.

તે આ ઠેકાણે ભાષાન્તર કરીએ છીએ. આ માણસોએ એક ઓરડામાં જઇને જોયું તો ઓરડાની વચમાં એક ગોળ ટેબલ છે. તેના ઉપર એક ગેટાર (વીણા વિશેષ) એક તામ્બુરિન (એક પ્રકારની ખંજરી) એક સ્પિકાગ ટ્રેમપેટર (વાત કહેવાની તુરી) એક ઘંટા અને કેટલીક દોરીઓ દીઠી. વળી તે ઓરડાના ખુણા ઉપર બે મિડિયમો બેઠા હતા. ત્યારપછી તે મિડિયમોને હાથ પગ દોરડાથી મજબૂત બાંધીને ઘરની દીવાલમાંના ખીલાની સાથે બાંધ્યા પછી તે ઓરડાની બતી ઓલવી નાખી. ઓલવતાજ ઉપલા વાજાઓ શૂન્ય માર્ગમાં ફરીને ત્યાં હાજર થયલા માણસોનાં માથાં ઉપર વાગવા લાગ્યા, અને વખતો વખત તેઓના શરીર ઉપર અડકતા હતા અને કિં નામનો આત્મા ઉપર લખેલી ભુંગળીથી વારંવાર વાક્યો કહેતો હતો. ત્યારે ઓરડામાં ફરી પ્રકાશ લાવવામાં આવ્યો, ત્યારે જોવામાં આવ્યું કે, ઉપર લખેલા બે ભાઇઓને પહેલાની પેઠે બાંધેલા દીઠા. પાર્ટિજે આત્માઓને પુછ્યું, પ્રકાશમાં આવું કામ ન કરવાનું કારણ શું ? તેના ઉત્તરમાં તુરીથી આવો જવાબ મળ્યો કે, પ્રકાશમાં આત્માઓની શક્તિ વધારે ખેંચાઇને મિડિયમની શક્તિની હાનિ થાય છે.*

૫ વાક્ય ઉત્પન્ન કરનાર મિડિયમ એ મિડિયમનો આશ્રય લઇને આત્માઓ કોઇ યંત્રથી અથવા તેના શિવાય પણ વાક્ય તથા પોતપોતાના સ્વર જણાવે છે.

ઉદાહરણ ઉપર લખેલા વર્ણન ઉપરથી જણાયું છે કે કિં નામનો આત્મા તુરીથી વાક્ય કહેતા હતા. પરન્તુ પહેલા પહેલા એના સ્વર વાજા સિવાય પણ શૂન્યમાં અસ્પષ્ટ રીતે સંભળાતા હતા, પછીથી એ વાજાની મદદથી પોતાનું કહેવું સ્પષ્ટ રીતે પ્રકાશ થવા લાગ્યો. ત્યારથી સાંભળનારના પ્રશ્નોનો ઉત્તર આપવાનું સરૂ થયું. એટલા માટે ડેવેનપોર્ટ નામના બે ભાઇઓને ચોથા અને પાંચમા મિડિયમ તરીકે ગણવા જોઇએ.⁂

---

* Howitt's His. of the Supernatural Vol. II, p. 110.

⁂ Nichol's Bio-graphy of Brothers Davenport, p. 47.

૯ રાઇટિંગ એટલે લખનાર મિડિયમ એથી આત્માના દ્વારા લખાય છે, પરન્તુ એ કામ વિવિધ રીતે કરવામાં આવે છે. જેમકે, કોઇ મિડિયમનો હાથ યંત્ર સ્વરૂપ થઇને અદૃશ્ય શક્તિથી ચાલે છે, કોઇ વખતે તે જે લખે છે એવું જણાતું નથી, કોઇ વેળાએ તે લખે છે એટલું જ માત્ર જ્ઞાન રહે છે, પરન્તુ કિયા કિયા અક્ષરો અથવા શું લખે છે તેનું સંપૂર્ણ જ્ઞાન હોતું નથી, કોઇ કોઇ તે જે લખે છે તેનું પૂરેપૂરૂં જ્ઞાન હોય છે અને એ કામ બીજી કોઇ શક્તિથી થાય છે તે પણ સમજે છે, કોઇ કોઇને આત્માનો ભાવ તેના મનમાં ઠસ્યાથી તે પોતાની ભાષાથી તે લખે છે. એ લખવાની ઢબ મિડિયમના હાથના અક્ષરની તથા કોઈ આત્માના હાથના અક્ષરની પેઠે લખવામાં આવે છે.+

ઉદાહરણ બોસ્ટન ઇન વેસ્ટિગેટના વર્તમાનપત્રમાં એક લખનાર ઉપલા જાતના મિડિયમનું વૃત્તાન્ત આપે છે તેનો તાત્પર્ય અહિં આપવામાં આવે છે. બે ઘણાજ અજ્ઞાન તથા વગર ભણેલા બાળકો મિડિયમ થયા છે. એ સાંભળીને ત્રણ દિવસ થયા હું તેઓના ઘરમાં જઇને સર્વ જોતો હતો. કાલે એવો મારી અરજ પ્રમાણે તેઓ મારે ઘર આવીને ઘણાંક આવેલાં માણસોની આગળ જે કામ કર્યું હતું તેનું વર્ણન આપું છું, પહેલા મિડિયમનો જમણો હાથ તથા કોઇ વખતે બેઉ હાથ ધ્રૂજતા હતા અને ચારે બાજુએ હાથ ફેરવાતા હતા પછી વાક્યથી અથવા મનમાં ને મનમાં પ્રશ્ન કર્યા, મિડિયમે પોતાના હાથમાં એક પેનસિલ પકડીને એક પથ્થર પાટી ઉપર તે જવાબ લખવા લાગ્યો. લખવાની વખતે મિડિયમની નજર પથ્થર પાટી ઉપરથી બીજી જગાએ હતી. લખવું પૂરૂ થયાથી તે વાંચવાની પેઠે બધી લીટી ઉપર હાથ ચલાવી ગયો, અને કોઇ ઠેકાણે અક્ષર ફેરવ્યા તથા કોઇ ઠેકાણે અક્ષર સામેલ કર્યા અને કોઇ જગાએ અક્ષર ભૂસાડીને પાછા લખ્યા. આવી રીતે લખવું પૂરૂં થતાજ હાથ ધ્રૂજવા લાગ્યો. મિડિયમે જો કે પથ્થર પાટી ઉપર નજર કરી નહોતી, તથાપિ જરૂર જણાતી, તો હાથ સ્લેટથી પાસે પડેલી પેનસિલ એકીવારે

+ Spiritual Tracts No. 10, p. 50.

ધારણ કરતો હતો.*

૭ ટ્રાન્સ એટલે નિદ્રાઅવસ્થાનો મિડિયમ. એથી મિડિયમનું શરીર તથા ઇન્દ્રિયો આત્માને પૂરેપૂરી તાબે રહે છે, આત્મા તેને પોતાની મરજી પ્રમાણે બોલનાર કરીને પોતાને કહેવાનું કહે છે. આ અવસ્થામાં કોઈ કોઈ વેળાએ મિડિયમ સુધીમાં આવે છે અને કોઇ કોઇ બેશુદ્ધ થઇને રહે છે.

ઉદાહરણ તા. ૧૮ મી ફેબ્રુવારિ ૧૮૬૨ માં ફ્રિજન્સ પાર્કના એક ઘરમાં જે મંડળ થયું હતુ ત્યાં ૭ માણસો હાજર હતાં. ઘણીક જાતના આત્માનાં કામ દેખાડ્યા પછી હોમ નામનો એક પુરૂષ બેફાન થયો, તે વેળાએ તે એક માણસને વારંવાર કહેવા લાગ્યો, "તમે પૂછતા હતા કે ટકોરા તથા ટેબલ હલવાથી અને બીજા આવા સામાન્ય કામથી શુ ફળ ઉત્પન્ન થાય છે? પરન્તુ માણસને કંઇ વસ્તુ લાયક છે, તે આપણા કરતાં પરમેશ્વર સારી રીતે જાણે છે, અને નજીવી વસ્તુથી પણ આપણે મોટા મોટા ફળની ઉત્પત્તિ જોઇએ છીએ. પાણી ગરમ થયાથી વરાળ નીકળે છે, તે અતિ નાની વસ્તુ છે, પરન્તુ એનાથી વરાળ યંત્ર ઉત્પન્ન થયું છે. બીલાડીની પીઠ ઉપર હાથ ફેરવ્યાથી વિજળીના તણખા નીકળે છે, તે પણ નજીવો વિષય છે, પણ જુઓ તેનાથી વિજળીની વિદ્યાથી કેટલાં અજાયબનાં કામ થાય છે! તેમ આ ટકોરા મારવાનો નાનો વિષય છે ખરો, પણ એનું ફળ એ છે કે, તેનાથી તમે પરલોક તથા નિત્ય રહેનારની ઓળખાણ મેળવશો. જો કહો કે, આવા નાના કારણથી આવું મોટું ફળ કેવી રીતે ઉત્પન્ન થાય? ઇશુખ્રિસ્ત રાજાની પેઠે જન્મ નહિ લેતા ગાયના ગોઠામાં શા વાસ્તે જન્મ્યો હતો એનું કારણ જ્યારે તમે મને દેખાડશો, ત્યારે હું અધ્યાત્મતત્વનું ખરાપણું લોકોની આગળ સિદ્ધ કરવાને માટે આ બધા કાર્ય કેમ થાય છે તેનું કારણ તમને જણાવીશ."**

---

* Davis's Present age and Inner Life, p. 177.

** Home's Incidents in my Life, p. 203.

૮ આઇશ્ચિરિ એટલે ધ્રુજનાર મિડિયમ એનાથી મિડિયમનું શરીર કોઈ કોઈ વખતે ધ્રુજે છે અને વજે છે અને કોઇ વખતે ઉછળે છે.

ઉદાહરણ જાનશી આ પંક્તિની મિડિયમ હતી. તે પોતાના શરીરનો ભાવ આવી રીતે જણાવે છે, "જ્યારે મારા હાથ પગ તથા માથું ધ્રુજે છે, ત્યારે હું સારી પેઠે સમજુ છું કે, આ કામ મારી ઇચ્છાથી થતું નથી, ઉલટું કોઇ જૂદા કારણથી તે ઉત્પન્ન થાય છે. જો હું ફરી એ કામને બંધ કરવાની તજવીજ કરૂંછું, તો મારૂં શરીર એવું બળથી ખેંચાય છે અને મારા આખા શરીરમાં એટલું અસુખ ઉપજે છે કે, હું પોતે એ તજવીજથી દૂર ન રહેવા સિવાય સુખ સમજી શકતી નથી. ઉપલી શક્તિથી મારૂં શરીર, કોઇ કોઇ વખતે ૧૦-૧૧ ફુટને તફાવતે ઉછળે છે.☫"

૯ ટ્રાન્સફિગર્ડ એટલે રૂપાન્તર થનાર મિડિયમ આવા મિડિયમનું ચિત્ત સ્વર્ગના ભાવથી એવું ઉન્નત, આનંદિત તથા મોહિત થાય છે કે, તેની મૂર્ત્તિ એક વેળાએ બદલાઇ જાય છે.

ઉદાહરણ તા. ૨૫ માર્ચ ૧૮૫૩ માં ફિલેડેલ્ફિયામાં એક મિડિયમ એ જે. ડેવિસને એક પત્ર લખ્યો હતો, તેમાંથી કેટલોક ઉતારા અહિં આપવામાં આવે છે, "હમણા હું વધારે લખતો નથી કેવળ મિડિયમ થવાથી મારા ચિત્તમાં સારા ભાવે પ્રવાહિત થાય છે, તેનાથી મારૂં મન કૃતજ્ઞતા તથા આનન્દ રસથી પૂર્ણ થાય છે. ધ્યાન કરતી વેળાએ જે મનની દૃષ્ટિ તથા ભાવ પ્રાપ્ત થાય છે, તે કોઈ બીજા સુખની સાથે બદલવાની ઇચ્છા થતી નથી. હું એકલો રહેવાથી કોઇ કોઇ વેળાએ મને વક્તા તરીકે ગણાય છે, પણ ઘણી વેળાએ હું ઉપલી રીતે એવો તો ડુબી જાઉં છું કે બીજા બધા વિષયને વિસરી જાઉંછું. જ્યારે મારી આવી અવસ્થા થાય છે, ત્યારે હું પોતાને મારાથી જૂદો સમજું છું, પરન્તુ જ્યારે એ ભાવ ચાલ્યો જાય છે, ત્યારે હું પાછો પહેલાના જ્ઞાનવાળો થાઉંછું અને કોઈ રીતે શાન્તિ જણાતી નથી. ઉપર લખીત અવસ્થામાં પરમેશ્વરનું અનન્ત-જ્ઞાન તથા પ્રેમ વિષયનો અનિર્વચનીય ભાવ મેળવીને હું એકવાર આંસુથી

☫ Davis's Present age and Inner Life, p. 131.

બીજાઇ જાઉંછું, અને ઉપલા ભાવ જગતમાં ફેલાવાને માટે હુ બધું છોડવાને પણ સંકોચ આણુતો નથી. ‡‡"

૧૦ પર્સનિફિકેશન એટલે રૂપ ધારી મિડિયમ એનાથી પરલોકના આત્માની ભાષા, સ્વર, મુખના ચાળા તથા કામની નકલ થાય છે.

ઉદાહરણ બોસ્ટનના ન્યુઇરા નામના વર્તમાનપત્રમાં ડૉક્ટર ચિકલીએ બીજી વારનો પત્ર લખ્યો હતો તેમાંનો સાર આ જગાએ પ્રકટ કરવામાં આવે છે, "અમારી અધ્યાત્મ તત્વની ચર્ચા કરવાનો આરંભ થયાને ચાર અથવાડિયા પછી આત્માઓએ મિડિયમને બે રાત અવસ્થામાં આણ્યો, તે વેળાએ તે અદૃશ ભૂતોની સાથે હાથ મેળવ્યો અને તેઓના રૂપ વગેરે વર્ણન કરવા લાગ્યો. આવી રીતે કેટલીકવાર કર્યા પછી સ્ત્રી અને પુરૂષ બન્ને જાતના આત્માઓ મિડિયમને, ઘેરાઇને તેના બોલવાના યન્ત્રથી પોતપોતાના સ્વરથી અતિ સુન્દર રીતે ગાવા લાગ્યા અને સીસોટી વગાડવા લાગ્યા, અને આ લોકમાં જ્યારે તેઓ જીવતા હતા. ત્યારે તેઓની જેવી ભાષા તથા સ્વર હતા તેના જેવા અવાજે થવા લાગ્યા અને મંડળીઓ માણસોની જોડે વાત કરવા લાગી. આ ન કરવાનું કામ એવું તો સાદી રીતે થયું હતું કે, ત્યાં હાજર થયલા માણસો એ વિષયમાં સન્દેહવાળા હતા, તેઓ પણ કોઇ મરેલા મિત્રની જોડે વાત ચીત કરવાનો કોઈ પણ વેળાએ મિડિયમની સાથે કદી પણ પ્રસંગ નહિ હોવાથી તેઓની જોડે વાત ચીત કરીને એકીવારે આંખમાં આંસુઓ તથા આનંદિત થયા.×"

૧૧ સેનસેશન એટલે સ્પર્શ કરનાર મિડિયમ એનાથી પિતૃઓના અંગ સ્પર્શ થાય છે.

ઉદાહરણ રાબર્ટ ડ્વેન આ વિષયની એક સાક્ષી આપે છે. ઘણાકો કહે છે કે અંધકારમાં આ કામ થાય છે, પણ તેમ નથી, કારણ કે પ્રકાશમાં મારા હાથમાંથી એક રૂમાલ ખુલ્લી રીતે ખેંચીને લઇ લીધો અને

---

‡‡ Davis's Present age and Inner Life p. 165.

× Davis's Present age and Inner Life p. 137.

એક પળમાં તેમાં ગાંઠો બાંધીને મને પાછો મળ્યો. પછી તે અદશ્ય શક્તિથી ટેબલ ઉપરથી એક ફૂલ ઉપડીને છેટે બેઠેલા માણસના શરીર ઉપર નાખ્યું, અને એક સ્ત્રીના એપ્રન એટલે ઉપરના વસ્ત્રના ઉપર મેલા કપડાં ન થાય એ વાસ્તે સફેદ કપડાના રૂમાલને વીંટાળીને બીજી તરફ બેઠેલા મિડિયમના ઉપર ફેંકવામાં આવ્યો. ત્યાર પછી સ્વાભાવિક ગરમ આંગળીવાળો એક હાથ મારા હાથમાં મૂકીને હાથ મેળાવ્યો, અને તે ન દેખાય એવી શક્તિથી કહેવામાં આવ્યું કે આ ઘરમાં એક સ્ત્રી ઘણા વર્ષોથી રહેતી હતી તે મરી ગઇ છે. તેનો આ હાથ છે. તે માનવ શરીર ધારણની વખતે આવેલા માણસોમાં જે તેના વિશેષ મિત્ર હતા. હમણા તેઓનો હાથ મેળાવ્યો. ત્યાર પછી અદશ્ય માણસોએ મેલોડિયન નામના વાંશળીથી ઘણાક રાગ સંભળાવ્યા, અને મિડિયમની અરજથી એઓએ એ વાજુ જમીન ઉપરથી ઉપાડીને મારી પગ ઉપર રાખ્યું. એના પછી બીજા ઘણાક પ્રકારના અદશ્ય શક્તિથી કામ થયા હતા. * ”

૧૨ ક્લેર્વોયન્ટ એટલે સ્પષ્ટ જોનાર મિડિયમ આ મિડિયમને કોઈ ભીંત અથવા કંઇ પણ આડ આવેલી હોવા છતાં પણ દૂરની વસ્તુ અથવા બનાવ તથા વસ્તુના અન્તરમાં સુધી જોઇ શકે છે, આ શક્તિથી મનુષ્ય તથા આત્મા અને રોગ વગેરેનું સ્વરૂપ વર્ણન કરી શકે છે.

ઉદાહરણ. હાગેટલીઓ કર્નેલ આર, બિ. હારઉડ કહે છે કે, મડમ આરં ફ્રોરટ બેશુદ્ધ અવસ્થાની પેઠે થઇને પોતાના આત્માથી પાસિફિક મહાસમુદ્રના ફરતા બેટા જોવા પામી હતી, અને ત્યાં એક ભયંકર તુફાનથી એક વહાણ પાણીમાં ડૂબતું જોયું. તે વેળાએ તેણે ખારવાઓની વિપત્તિ જોઇને ઘણી જ દુ:ખિત હૃદયથી તેનું વિસ્તારિત વર્ણન કહેવા લાગી. એ વહાણનું નામ ફ્રિન્ટન અને તેના ઉપરીનું નામ કાપ્તેન એન્ડું, નકસન ઉઇમ અને ઉપલું વહાણ ત્યાંથી નીકળ્યું હતું તે જવાની કલ્પના કરી હતી તેનું બધુ વર્ણન કર્યું. તેણે એ પણ કહ્યું હતું. નાનાસાહુ ઇય બેટોની આગળ એક ખરાબો છે, જે કોઇ સમુદ્રના નકશામાં બતાવ્યો નથી, તેથી

* J Jones's Natural and Superanatual p. 373.

એ વહાણ ખરાબા ઉપર અથડીને ડૂબ્યું. અન્તે તે ખારવાઓ આ વિપત્તિમાંથી મુક્ત તથા જમીન ઉપર ઉતર્યા એ પણ જણાવ્યું હતું. કર્નલ હારઉડે આ વૃત્તાન્તમાં કંઇ પણ સન્દેહ કર્યા નહોતો, પછી પછવાડેથી તેની પરીક્ષા કરવાના ઇરાદાથી પોતાના પડોશીઓને જણાવી રાખ્યું. થોડા વખત પછી તેણે ન્યુયાર્કમાં હોલેંડ કંપનીને આ વિષયના સમાચાર જાણવાને માટે પત્ર લખ્યો, તેનો ઉત્તર મળ્યો તેનાથી મડમ હારટનું સઘળું કહેલું ખરૂં પડયું.☙

૧૩ હીલિંગ એટલે આરોગ્યકારી મિડિયમ. એઓ બે જાતના રોગ દૂર કરે છે. એક રોગ નિરૂપણ કરીને તેની ઔષધીની વ્યવસ્થા કરે છે, બીજુ રોગીના શરીર ઉપર હાથ લગાડીને તેને વ્યાધિથી મુક્ત કરે છે.

ઉદાહરણ. તા. ૯ મી જાનેવારી ૧૮૫૦ માં ડિડવ મસમતને જે જાહેર ખબર કાઢી હતી તેનું ભાષાન્તર આ ઠેકાણે આપવામાં આવે છે, "જેઓને આ વિષયની જરૂર છે, તેઓને આના ઉપરથી જણાવવામાં આવે છે કે મારી કન્યા મેરી હાલમાં ૨૩ વર્ષની છે, આજ ત્રણ વર્ષથી તે બિછાનામા તથા ચાલવા હાલવાની શક્તિ વગરની હતી. ગયા જુલાઇ મહીનાના અધવચમાં તે બોલતી બંધ થઈ અને પછી તે આંધળી થઈ. તેણે પોતાની આંખ ઉઘડવાની પણ શક્તિ નહોતી, અને હમણા સુધી તેવી અવસ્થા હતી. તેની આરોગ્યતાને માટે યથાયોગ્ય ઉપાય પકડવામાં આવ્યો હતો. ૧૨, ૧૩ ડાકટરોને બતાવવામાં આવી હતી. તેઓમાંથી ઘણા ખરા કુશલ તથા નામાકીત વૈદ્યો હતા; તેનાથી દહાડે દહાડે રોગ વધતો ગયો અને રોગ ઓછો થયો નહિ. પછી ડાકટરોએ કહ્યું કે, તેને સારી થવાની કંઈ પણ આશા જણાતી નથી, તેથી અમે એ વિષયમાં એક રીતે નિરાશ થયા પરન્તુ કરૂણામય પરમેશ્વરના પ્રસાદથી સ્પ્રિંગફિલ્ડ નગરના વર્તમાન પત્ર ઉપરથી જાણવામાં આવ્યુ કે, મડમ મેહલક કવેવેયન્ટ મિડિયમ છે તે રોગને મટાડી શકે છે તેથી તેને પત્ર

☙ Clark's Plain Guide to Spiritualism p. 70.

ભાખીને અહિં આવવાને કહ્યું અને ઘણો યત્ન કર્યા પછી તેને હું મારા ઘરમાં આણી શકયો, તે પહેલાં સાંજે આવીને કલેર્વોયેર શક્તિથી મેરીનો રોગ નિરૂપણુ કરીને ઔષધી બતાવીને ગયો, બીજે દિવસે આવીને તેના શરીર ઉપર હાથ ફેરવીને રોગની વેદના ઘણીક ઓછી કરી. ત્યાર પછી બુધવારે આવીને કેવળ હાથના સ્પર્શથી અડધા કલાકમાં રોગીની આંખ ઉઘાડીને જોવાડયું અને બોલાવાની શકિત પાછી ઉદ્દીપન કરીને સર્વને આનંદ સાગરમાં ડૂબાડયા, ત્યાર પછી મડમ મેટલે પાછી આવીને કન્યાને પોતે ચલાવી, જે ત્રણ વર્ષ સુધી તે ચાલી નહોતી, મેં આ અદ્દભુત વ્યાપારનું સટીક વર્ણન લખ્યું, મારી કન્યાને હમણા સુધી જોવું છું, વાત ચીત કરે છે તથા ચાલે છે અને ભરૂસો રાખે છે કે પહેલાની પેઠે તે આરોગ્યતા મેળવશે. આવા અલૌકિક કાર્યપર પહેલા મને જે અવિશ્વાસ હતો તે આ બનાવથી દૂર થયો છે.*

૧૪ પ્રિન્ટિં એટલે ચિત્ર કરનાર મિડિયમ, એનાથી છબી તૈયાર થાય છે .

ઉદાહરણ. ઓઇના પરગણામાં સર્કલબિલ શહેરમાં એ, એફ. નિન્યુમાનનો ચાર વર્ષનો એક છોકરો મરણ પામ્યો હતો, તેની એક છબી મેળવવા માટે તે કોલમ્બસ નગરના પ્રિન્ટિં મિડિયમ જિ. સિ. વાલકરની આગળ ગયો હતો, તેણે આત્માની મદદથી એક કલાકમાં ઉત્તમ તેલવાળા રંગથી મરેલા બાળકની એક બરાબર છબી ચિત્રિત કરી આપી હતી, તે જોતાજ તેના પિતા તથા મિત્રો આશ્ચર્ય તથા આનન્દિત થઇને અવાક થયા. +

૧૫ હાઇરોગ્લિફિક એટલે અદ્દભુત સાંકેતિક લિપિકારી મિડિયમ. જેમ ઇજિપ્ટના જયસ્તંભ, મંદિર વગેરે સ્મરણાલય મકાનોમાં એક જાતની ભાષાં જ્ઞાપક નાંના પ્રકારના જીવ, વનસ્પતિ તથા બીજી જડ વસ્તુની આકૃતિ ખોદેલી છે, તેમ ગૂઢાર્થવાળા સાંકેતિક પારલૌકિક ભાષા ઉપલી

---

* Davis's Present age And Inner Life, p. 180.

\+ Clark's Plain Guide to Spiritulism, p. 71.

જાતના મિડિયમથી લખાય છે.*

ઉદાહરણ. મડમ ન્યુટન ક્રુસલડે પોતાના ગ્રન્થમાં * લખ્યું છે કે, એક સ્ત્રી મિડિયમ હતી, તે ત્રણ જાતની પારલૌકિક ભાષા શીખી હતી, એટલે બે કેટલાક વર્ણના અર્થ જાણતી હતી, આવી જાતના અક્ષર કોઈ પ્રાચીન અથવા હાલની ભાષામાં મળતા નથી. તે પૂર્વજન્મેથી . શાકારણથી એ ભાષા શીખી હતી, તે સમજી નહિ શકયાથી વખતો વખત આશ્ચર્ય પામતી હતી, તથાપિ અધ્યાત્મ તત્વપર તેનું વિશેષ જ્ઞાન તથા વિશ્વાસ હોવાથી તે ધીરજ ધરીને એ આશ્ચર્ય વિષયનું ફળ મેળવાની ઇચ્છામાં રહી હતી, ત્યાર પછી થોડા દિવસમાં બીજી એક સ્ત્રી મિડિયમની જોડે તેની વાત ચીત થઈ, એ અલૌકિક શક્તિની મદદથી ઉપરની ત્રણ ભાષામાંથી એક ભાષા લખી શકી, અને ત્યાર પછી બીજા પાંચ મિડિયમ એ ભાષાના લખનારા થયા. આ પાંચ જણમાં આકસફોર્ડની યુનિવરસીટીનો એમ. એ. વાળા એક માણસે બે ત્રણ વાર બીજી ભાષા લખી હતી આ ભાષાના અક્ષરો ઘણું કરીને મીંડા વાળા જણાય છે, પરન્તુ આશ્ચર્યકારક એ છે કે, સર્વ મિડિયમ પરલૌકિક ભાષા લખે છે, તેઓ તેનો અર્થ સમજી શક્તા નથી, બીજા મિડિયમથી તેનો અર્થ સંગ્રહ કરવામાં છે.

૧૬ અજાણી ભાષા કહેનાર તથા લખનાર મિડિયમ. એનાથી તેઓ જે ભાષા જાણતા નથી, તે ભાષામાં બોલે છે તથા લખે છે.

ઉદાહરણ. જાર્જ એડમન્સની કન્યા સારા એવી જાતની મિડિયમ હતી. તે અંગ્રેજી તથા જરા ફ્રેન્ચ ભાષા જાણતી હતી તે છતાં નવ અથવા દશ જૂદા જૂદા દેશની ભાષામાં તે વાત ચીત કરતી હતી, અને કોઇ કોઇ વેળાએ એક કલાક સુધી પોતાની સ્વભાષાની પેઠે સહેલાઇથી અને સુદ્ધ રીતથી બોલતી હતી. ઘણીક વખતે પરદેશી માણસો સારાથી એઓના મરેલા મિત્રો તથા સગાંવહાલાંના આત્માની સાથે વાત ચીત કરતા હતા. આવી રીતે ગ્રીસના એક પ્રતિષ્ઠિત માણસની સાથે સારાની જે વાત ચીત

* Light in Valley, p. 103.

થઇ હતી. તેનું વર્ણન જડજ એડમન્સે પત્રમાં આપ્યું છે તે ઠેકાણે આપવામાં આવે છે. એક દિવસે સાંઝે મારા ઘરમાં બાર અથવા પંદર માણસો બેઠાં હતાં એટલામાં ન્યુયાર્કનો કારીગર ઇ. ડિ, ગ્રીન આવીને તેની સાથે ઈ. ભેન્જેલિડેસ નામનો ગ્રીસ દેશના એક આબરૂદારની જોડે મારી ઓળખાણ કરાવી, તે અંગ્રેજી ભાષા સારી રીતે બોલી શકતો નહોતો, પરન્તુ ગ્રીક ભાષામાં તે ઘણોજ કુશળ હતો. થોડી વાર પછી એક આત્મા સારાથી જે સર્વે વિષય અંગ્રેજી ભાષાથી ઉપલા માણસને જણાવ્યા, તેનાથી નિશ્ચય થયો કે તેનો એક મિત્ર કેટલાક વર્ષની પહેલા તેના ઘરમાં મરણ પામ્યો હતો, તે જ તે આત્મા છે. પરન્તુ અમે કોઇએ એ માણસના વિષયમાં કંઈ સાંભળ્યું નહોતું. પછી આત્મા અંગ્રેજીની સાથે એક બે ગ્રીક ભાષાના શબ્દ મેળવીને કહેવા લાગ્યો. ઇ ભેન્જેલિડેસે પૂછયું કે, હું ગ્રીક ભાષામાં વાત કહું, તો તે આત્માને સમજાશે કે નહિ, એમાં સંમતિવાળો જવાબ મળ્યાથી તેણે ગ્રીક ભાષામાં તથા સારાએ કોઇ વેળાએ ગ્રીક તથા કોઇ વેળાએ અંગ્રેજી ભાષામાં લગભગ એક કલાક સુધી વાત ચીત કરી. તેનાથી સારા એક એક વાર પોતે તથા આ ગ્રીકના કહેલા સર્વે વાકયનો અર્થ સમજી શકતી નહોતી, પરન્તુ બીજી વખતે બેઉની ભાષા સમજવામાં શકિતમાન થઇ હતી. આવી રીતની વાત ચીતની વેળાએ ગ્રીક એક એક વાર એવો તો મોહ યુક્ત થતો કે, ત્યાં હાજર થયલાં માણસો અજાયબ થઇને તેના માનસિક વિકારનું કારણ પૂછતા હતાં પરન્તુ તે કહેવામાં તે રાજી થયો નહિ. ટૂંકામાં વાતચીત પૂરી થયા પછી તે બોલ્યો કે મેં પહેલા કદી આધ્યાત્મિક કોઇ બનાવ જોયા નહોતા એ વાસ્તે આ બનાવની પરીક્ષા કરવા માટે મેં નાના પ્રકારના પ્રશ્નો કર્યા હતા. જે પરીક્ષા આ હતી. જે વિષયોમાં સારા નિશ્ચય અજાણી છે, તે વિષયમાં મેં પ્રશ્ન પૂછયા હતા, અને વારંવાર એકદમ એક પ્રસંગથી બીજા પ્રસંગમાં લઇ જતો હતો. જેમકે ગૃહસ્થનો ધર્મ છોડી ને રાજ શાસન, અને વિજ્ઞાન શાસ્ત્ર છોડીને ધર્મ શાસ્ત્ર વિષય પ્રશ્ન પૂછતો હતો. અમે કોઇ ગ્રીક ભાષા જાણતા નહોતા. એ વાસ્તે અમારા પ્રશ્નના ઉત્તરમાં ઇ. ભેન્જેલિડેસે નિશ્ચય કરીને કહ્યું કે,

તેની ગ્રીક ભાષા આત્મા બોધગમ્ય થઇ હતી અને સારા પણ ગ્રીક ભાષા ઘણી શુદ્ધ રીતે બોલી હતી.*

૧૭ ઇમ્પ્રેશનલ એટલે ભાવગ્રાહી મિડિયમ. આવા મિડિયમના મનમાં આત્માનો અભિપ્રાય તથા આજ્ઞા સહજમાં ઠસે છે.

ઉદાહરણ. ફેબ્રુઆરિ ૧૮૫૪ માં જ્યારે ટિ. એલ. હારિસ ન્યુ અર્લિયન્સ શહેરમાં રહેતો હતો, ત્યારે ત્યાંના આગસ્ટલ વાંગ નામના એક માણસની ઉત્તર ક્રિયામાં ઉપાધ્યાનું કામ કરવા માટે તેને અરજ કરવામાં આવી, તે તેમાં રાજી થયો. કેટલાક વખત પછી તેણે એક પ્રબલ આત્માના વશીભૂત તથા આજ્ઞાવાળો થઇને કહ્યું, હજી સુધી વાંગના આત્માથી જીવાત્મા નીકળ્યો નથી અને બહારના વિષયનું પણ કંઇ જ્ઞાન છે, પરન્તુ છત્રીશ કલાક પછી તે શરીરના બંધનથી મુક્ત થશે. આ ખબર મરેલા માણસના સગાં વહાલાંને જણાવી. તેઓએ તેના શરીરને કાફિન એટલે શબાધારમાંથી બહાર કાઢીને બિછાના ઉપર રાખ્યું, તે વેળાએ તેના જીવિતાવસ્થાના કેટલાક ચિન્હ જોવામાં આવ્યા, ત્યાર પછી હારિસે એક સ્ત્રીને આવો હુકમ કર્યો કે, તમે વાંગનો હાથ પકડીને કહો કે, ટિ. એલ. હારિસ તમારી અવસ્થા જાણે છે, અને જેથી તમે જીવતા રહીને તમારી સમાધિ ન થાય તે કરશે, આ સ્ત્રીએ તે પ્રમાણે કામ કર્યાથી વાંગે પણ સ્પષ્ટ રીતે તેનો હાથ મેળવ્યો, અને તે દિવસના સવારથી લઇને બીજે દિવસ સાંઝ સુધી તેવી રીતે રહ્યો. ત્યાર પછી આત્માએ પ્રકાશિત કર્યું કે, હમણાં મુમૂર્ષુના આત્માએ જડ શરીર છોડયું છે અને તેને શડવાનો આરંભ થયો છે. ×

૧૮ કેલરાડેન્ટ એટલે સ્પષ્ટ સાંભળનાર મિડિયમ. એઓ આત્માનો સ્વર તથા વાત સ્પષ્ટ રીતે સાંભળી શકે છે.

ઉદાહરણ. જાન જોન્સે પોતાના ગ્રન્થમાં લખ્યું છે કે, "એક દહાડો મારી સ્ત્રી માંદી પડયા પછી તા. ૧૫ મી માર્ચ ૧૮૫૮ ને દિવસે

---

* Spiritual Tract No. 6, p. 8.

× J. Jones's Natural and Supernatual, p. 439.

મેં એક વાણી સાંભળી. એ વાણી મારા માથામાંથી સંયત તથા મીઠા સ્વરની નીકળી અથવા કોઈ માણસ ગોળ ગુમટમાંથી બોલે એવી રીતે સ્વચ્છ તથા સ્પષ્ટ ૭ મી. ૭ મી, ૭ મી, આ વાક્ય વારંવાર સંભળાયા. એથી હું ઘરમાંના બીજા ત્રણ માણસોની આગળ જઇને બોલ્યો, તા. ૭ મી એપ્રેલને દહાડે મારી સ્ત્રીનું સંકટ રોગની યાતના થશે. આ વાત કહેતાં જ ઉપલી વાણી બંધ થઇ. મેં આ ભવિષ્ય વાણી બીજા ત્રણને કહી હતી. આવી રીતે છ માણસોને આ વિષય મેં જણાવ્યું હતું. પછી ૭ મી એપ્રેલની, સવારે દશ વાગે જ્યારે મારી સ્ત્રી પોતાના પુત્રને છાતીપર રાખીએ બેઠી હતી, ત્યારે તેનો રોગ ઘણો વધી પડયો અને ભયાનક અવસ્થામાં આવી હતી.*

૧૯ વિશન એટલે સ્વપ્ન જોનાર મિડિયમ. એઓ આત્માની મદદ થી ભવિષ્યના બનાવનો આભાસ અથવા ઇસારતના ચિન્હો સ્વપ્નાવસ્થામાં જોયાકે છે.

ઉદાહરણ. કોઇ એક સ્ત્રી . એડિનબર્ગ નગરમાં એક ઘરમાં રહેતી હતી. એ ઘરની પાડોસમાં એક સાંકડો રસ્તો હતો અને સામે એક પહોળો રાજ માર્ગ હતો. તેણે એક વેળાએ રાત્રે સ્વપ્નું જોયું કે, એક રવિવારે સવારના પહોરમાં કંઇ અવાજ સાંભળીને તરત ઘરની બારીમાં જઇને જુએ છે, તો તરત તેની આંગળીમાંથી એક વીંટી પડી ગઇ તેથી તરત તે ઘરમાંથી નીચે ઉતરીને વીંટી શોધવા લાગી, પણ તે મળી નહિ. તે નુકશાન થયાથી દિલગીર થતી ઘરમાં પાછી આવે છે એટલામાં એક જુવાન પુરૂષ કેટલાક પાઉ લઇને જતો હતો. એ માણસને આવા અયોગ્ય સમયમાં જોઇને તેને આશ્ચર્ય લાગ્યું, અને જુવાન પણ તેની તેવી અવસ્થા જોઇને આશ્ચર્ય થયો. એ સ્ત્રીએ પછી કહ્યું, મારી વીંટી બહાર પડી જવાથી હું તે શોધવા માટે આવી હતી. આવું સાંભળતાં જ પેલા પુરૂષે પોતાના હાથમાંનું ધન તેને આપ્યું, તેથી તે આશ્ચર્ય થઇને આનંદમાં મગ્ન થઇ. આ બનાવને એક મહીનો થયા પછી

* J. Jones's Natural and Supernatual, p. 407.

તે સ્ત્રી ખાવાને માટે એક જણુાને ત્યાં ગઇ હતી. ત્યાં તેણે સ્વપ્નામાં દીઠેલા જુવાન પુરૂષને જોઇને ઓળખ્યો અને એ માણુસ રોટલી વેચનારો છે તે પણ પરોક્ષ જાણ્યું, પરન્તુ તે માણુસે તે વેળાએ તેના ઉપર ધ્યાન આપ્યું નહિ, તે બે વર્ષ પછી પેલા પુરૂષની સાથે તેની ફરી મુલાકાત થઇ, પછી એક મેક વચ્ચે વાત થઇ ને આખરે બેઉએ લગન કર્યા.*

૨૦ સિ એટલે જોનાર મિડિયમ. એઓ પરલોક તથા ત્યાંના રહેવાસીઓની મૂર્ત્તિઓ જોઇને વર્ણન કરે છે.

ઉદાહરણ. વાંચનારાઓને પહેલા જણાવ્યું છે કે. જડજ એડમન્સની કન્યા સારા ઘણી ભાષા બોલનારી મિડિયમ હતી. તેણે વળી તા. ૮ મી મે ૧૮૫૪ ને દિવસે અધ્યાત્મ તત્વ મંડળીમાં એક પરલૌકિક વિષયનું વર્ણન કર્યું હતું. તે આ ઠેકાણે આપવામાં આવે છે. તે કહેવા લાગી, “ હું પહેલા પુલ ઉપર જાઉં છું. તે પુલના થાંભલા ભાગલા અને હાલે છે તેના ઉપરથી જતા મને ભય લાગે છે. હુ તેના ઉપરથી જાઉંતો એ ધ્રુજશે, તથાપિ હું એના ઉપરથી જઇશ મારી આગળ એક આત્મા કહે છે, તમે પડી જશો. હું તેનું મુખ જોઈ શકતી નથી, અને તેના વચન માનવા કે નહિ તે પણ હું કહી શકતી નથી. ગમે તેમ હો, હુ જવાનો જરૂર યત્ન કરીશ, કેમકે જે કામને માટે તમને આ ઠેકાણે મોકલવામાં આવી છે તમને જરૂર કરવું પડશે. આ આત્મા મારો ઉત્સાહ તોડે છે ખરો, પરન્તુ પછી થોડે છેટે બીજો એક આત્મા જોવામાં આવે છે, તે મને જવાની ઇશારત કરે છે. જો કે આ પુલ ભયાનક દેખાય છે, તો પણ હુ તેના ઉપરથી જઇશ. એની પેલે પાર ઘણોજ મોટો દેખાવ છે અને મનોહર છે. અહિંથીજ તે જોઇને ફળ ના મેળવતા પાછી ફરત, પણ મારો સામેનો આત્મા કહે છે કે, આના પર પારે જવાની વેળાએ એ પુલ ઘણો જ નીચો (ઢાલ) તથા કલેશદાયક જણાયો હતો પરન્તુ તે મેં છોડયો છે. હવે પછવાડે જોયું, જે પુલ પાર થવાની પહેલા સડેલા તથા ભાગેલા લાકડાથી બનેલો જોયો હતો અને જે ધ્રુજતો તથા પડવાની સ્થિતિમાં

* Mrs. Crowe's Night side of Nature p. 51.

હતો અને તેની બે બાજુએ એક ઘણીજ ઉંડી ખાઈ હતી, તે હવે ખરાબ પુલ જણાતો નથી. ઉલટો તે એક મહાન નિર્માતાનું બનાવેલું કામ તરીકે જણાય છે. એ પુલના પાયા પથ્થરના તથા મજબુત છે. તેના બધા ભાગો યથાયોગ્ય દેખાવદાર અને સુન્દર સફેદ પથ્થરથી બનેલા છે. તે પહેલા મારા દીઠામાં આવ્યું નહોતું. આશ્ચર્યનો વિષય એ છે કે, એની વચમાં એક સ્વચ્છ તફાવતથી બે ભાગમાં વહેંચેલું છે, તેની જમણી તરફ ઉજ્વલ મૂર્તિવાળા આત્મા પાર થાય છે અને ડાબી તરફ માણસો જાય આવે છે. આ નવો પુલ એના સૌન્દર્ય તથા સ્થાયિપણાને લીધે ત્યાંનાં આસપાસનાં માણસોને ખેંચે છે, અને તેની અપૂર્વ બનાવટથી ઘણાક આત્મા આશ્ચર્ય થઇને તેના ઉપર કેવી રીતે જાય આવે છે તે જોવાને માટે એકઠાં થયા છે. જે પુલ જુનો તથા ભાગેલો દેખાતો હતો, તે ભ્રમ માત્ર હતો. જેઓ તે પાર થવા ઇચ્છે છે, તેઓ તેને ધ્રુજતો સમજીને પોતાને પડવાની બીક જાણે છે. વળી માર્ગ દેખાડનારના ઉપર થોડો ભરૂસો હોવાને લીધે તે વિપદ્કારક જણાય છે. પરન્તુ ખરી રીતે તેમાં કંઇ પણ શંકા રાખવા જેવું નથી.

"એ પુલના પ્રવેશના માર્ગપર એક વૃદ્ધ માણસ ઉભો છે, તે દરેક મુસાફરને એક લાકડી આપવા ઇચ્છે છે, જેઓએ લાકડી લઇને મજબુત પકડી છે તેઓ વગર હરકતે તથા ભય વિના પુલને પાર કરે છે.

"મેં તેને એનું કારણ પૂછ્યાથી તે જરા હસીને બોલ્યો, "હે મર્ત્ય ! આ લાકડીનું નામ સંપૂર્ણ વિશ્વાસ છે. જેઓ એને પકડે છે, તેઓ વગર હરકતથી તથા વગર ભયથી જાય છે, અને જેઓ તે વાપરતા નથી, તેઓ જતી વેળાએ ઠોકર ખાઇને પડે છે, અથવા પુલની દુર્બળતાની અવસ્થાનાં ભ્રમથી ધ્રુજતે શરીરે રહે છે.

"તમે વિશ્વાસની લાકડી લ્યો, એ તમારો પુલ પરકાલની મદદ કરશે.*"

૨૧ ટેલિગ્રાફિક એટલે સન્દેસા લઇ જનાર મિડિયમ. એઓ બખાણ અથવા વાક્ય કહીને હાજર નહિ થયલા માણસની આગળ ખબર

* Spiritualism by Judge Edmonds Vol. II. p. 429.

મોકલી શકે છે.

ઉદાહરણ. ન્યુયાર્કમાં ડાકટર એસ. બિ. બ્રિટેન, આ જાતનો મિડિયમ હતો. તેણે પોતાના ગ્રન્થમાં લખ્યું છે કે, એક વેળાએ હું વાટરબેરિ નામના ગામમાં કેટલાક દિવસ રહ્યો હતો. તે વેળાએ એ ગામના એક જુવાન પુરૂષની જોડે મને મળવાની ઘણી જરૂર પડી, પરન્તુ તેનું રહેઠાણ અથવા કામની જગા તથા તેનું નામ ભુલી ગયાથી હું તેની આગળ કોઇ માણુસને મોકલવાને સમર્થ થયો નહિ. એવી હાલતમાં તેને પાસે આણુવાનો દૃઢ પ્રતિજ્ઞાવાળો થઇને તેના ઉપર મન લગાડીને એકાગ્રતાની સાથે બોલાવવા લાગ્યો. દશ મિનિટ પછી બોલાવવા ઇચ્છનારના ઘરમાં તે માણુસ આવીને તપાસ કરવા લાગ્યો. એટલે એ ઘરના દરવાજાપર એક માણુસજ ઉભેલો જોઇને તેણે આતુરતાની સાથે પૂછ્યું કે, "બ્રિટન શું મને જોવા ઇચ્છે છે ?" અને એણે પૂછ્યું. તેના ઉપરથી તેણે કહ્યું કે " થોડીવાર થયા અહિંથી પા માઇલના ફાસલા ઉપર હું મારા કારખાનામાં કામપર લાગ્યો હતો, એકદમ મારા મનમાં વિચાર ઉત્પન્ન થયો કે, મને બ્રિટેનની જોડે તરત મળવું જોઇએ. તે વેળાએ મારૂં એવું દીલ થયું કે, કોઇ અદ્દભુત શક્તિ મારા મગજની અન્દર આવીને બળપૂર્વક મને અહિં ખેંચી લાવી. મને કારખાનામાં ઘણું જરૂરનું કામ હોવાથી હું તે પ્રવૃત્તિને રોકવાની તજવીજ કરવા લાગ્યો પણ હું તેમાં સફળ થઇ શક્યો નહિ.*

૨૨ ડિવલોપિં એટલે સ્ફૂર્તિકારી મિડિયમ. એના પ્રભાવથી બીજા માણુસની મિડિયમ શક્તિ ખીલે છે. એવા મિડિયમના કોઇ વિશેષ ઉદાહરણ મળતા નથી તેથી આ ઠેકાણે લખ્યા નથી. =

૨૩ પ્રોફેરિક એટલે ભવિષ્યદ્વાદી મિડિયમ. એટલે આત્માની મદદથી થનાર બનાવ પ્રકાશ કરનાર અથવા તે વિષયમાં સાવચેત કરનાર.

ઉદાહરણ. એસ. બિ. બ્રિટેન જ્યારે હાન્સડેલ શહેરમાં કેટલોક વખત રહ્યો હતો, ત્યારે નીચે લખેલો બનાવ તેણે જાણ્યો હતો. બુદ્ધિમાન, પ્રતિષ્ઠિત

---

* D. S. B. Brittan's Man and his Relations, p. 290.

= Vide "From Matter to spirit" by C. D. p. 22.

અને સારા ચરિત્રનો તથા ખ્રિસ્તી મંડળનો એક શક્તિસાળી મેમ્બર એવા એક આબરૂદાર માણુસની પાસે તા. ૧૫ મી એપ્રેલ ૧૮૫૭ ને દિવસે એક આત્મા આવીને તેનો હાથ વશીભુત કરીને તેના યોગે ભવિષ્ય વાક્ય લખવા લાગ્યો. " ૭ અથવાડિયામાં તમને સમાધિની એટલે કબર-સ્થાન જગાએ જવું પડશે," આ વાક્ય લખેલા જોતા જ એ માણુસે મનમાં વિચાર કર્યો કે, આત્મા અનર્થક મારા અન્તઃકરણમાં વેદના આપવા ઇચ્છે છે, કારણુ કે, કોઈ સારો આત્મા આવું કદી કહેતા નથી. આવો વિચાર કરીને તે ગુસ્સાથી ઉપલી શક્તિના વિરોધી થઇને તે લખવાના કામમાં હરકત નાખવા લાગ્યો, પરન્તુ જેમ જેમ ૭ અથવાડિયા પૂરા થવા લાગ્યા, તેમ તેમ તેના મનમાં ચિંતા વધવા લાગી. જ્યારે એ કાળ લગભગ ગયો અને ત્યાંસુધી તેના સગાંવહાલાંમાં કોઇની પણુ તનદરોસ્તમાં કંઇ પણુ હાનિ થઇ નહિ, ત્યારે તે નિર્ભય રહ્યો. પરન્તુ આત્માએ જેવું કહ્યું હતું તેવો બનાવ થયો. એટલે બે મહીનાની આખેરીને તેનો નાનો પુત્ર એકદમ પાણીમાં ડૂબીને મરણુ પામ્યો, અને સમાધિસ્થ થયો. આ બનાવના પછી કેટલે દહાડે આ ભવિષ્યવક્તા આત્માએ તે પુત્ર વિનાના બાપની આગળ આવીને પહેલાંની વાણી સ્મરણુ કરાવી. તે વેળાએ તેણે તેને પૂછ્યું કે, "જો આત્માઓ ભવિ-ષ્યત્ બનાવ પહેલાં જાણી શકે છે, તો જેના યોગે હું એ વિપત્તિથી છૂટી શકું એવો કોઇ સદ્ ઉપાય તેણે મને કેમ કહ્યો નહિ?" તેણે ઉપલા પ્રશ્નનો આ જવાબ આપ્યો કે, પરમેશ્વરની ઇચ્છા પ્રમાણે તમારો બાળક લોકા-ન્તરિત થયો છે, તેને રોકવું એ આ લોકના તથા પરલોકના માણુસની શક્તિ-થી બહાર છે પણુ આત્માઓ એક માત્ર કરવામાં સમર્થ થાય છે કે, આ બનાવ જે માણુસોને ઘણો ભયાનક તથા વિલાપકારક તરીકે જણાય છે, તે તેને યથાયોગ્ય દઢતા તથા ધીરજ આપીને સહન કરી શકાય તેથી તમારી પહેલાં તૈયાર કરી રાખે છે. *

૨૪ ઇલુમિનેટાઇ એટલે પ્રકાશ દેખાડનાર મિડિયમ. એનાથી પર-લોકમાં ગયલા આત્માની જ્યોતિ દેખાડાય છે.

---

* J. Jones, Natural and Supernatura, p. 42'.

ઉદાહરણ. કાર્વેડેલમાં જેમસ સ્કૉટ નીચે લખેલો બનાવ જાણતો હતો, તે જોન્સને જણાવ્યો હતો, પહેલા પિતૃઓથી જાણવામાં આવ્યું હતું કે એઓ એક મુકરર દિવસે એવુ કામ દેખાડશે કે, તેનાથી બધા સન્દેહ ચિત્તવાળાઓના મન આ અલૌકિક કાર્ય વિષયમાં પૂરે પૂરો વિશ્વાસ ઉત્પન્ન થશે. તે પ્રમાણે એક દિવસે સાંઝે એક વિશેષ સભા બોલાવી, ત્યાં સર્વ સભાસદો બેઠા પછી એક સ્ત્રી મિડિયમને ઊંઘ આવતા જેવી થઇને ઉઠીને તે મંડળમાં જે બે સ્ત્રીઓ આત્માના કહેલા કામના ઉપર અવિશ્વાસ રાખતી હતી, તેઓને કહ્યું, "તમે મારી જોડે આવો, એવું કહીને તે બે સ્ત્રીઓને એક સુવાના ઓરડામાં લઇ જઇને દરવાજો બંધ કર્યો, તે ઓરડામાં અંધારૂ હતું. થોડીક વારે તેઓએ જોયું કે, એક પ્રકાશ ફરતો છત ઉપરથી નીચે આવીને ખાટલાના પાયા ઉપર રહ્યો અને જલદીથી એ જગા છોડીને એક બાળકનું માથું મુખ તથા છાતીનો કેટલાક ભાગનો આકાર સ્પષ્ટરૂપથી ધારણ કર્યો. એનાથી એ બે સ્ત્રીમાંથી એકે પોતાના મરેલા છોકરાની મૂર્ત્તિ જોઇને તે ઓળખી શકી. તે મૂર્ત્તિમાં બાળકની સાથે એટલું તો સરખાપણું હતું કે, એની મા પુત્રના સ્નેહથી પીગળીને તે પોતાના હાથમાં લેવાને તૈયાર થઇ. પરન્તુ મિડિયમે તે કામથી રોકી. એ બે સ્ત્રીઓ થોડો વાર સુધી વિલાપ કરતા કરતા જોયું કે વળી એક પ્રકાશ છત ઉપરથી નીચે ઉતરીને પથારીમાં દેખાયું અને પછી એક મૂર્ત્તિ ધારણ કરી. આ મૂર્ત્તિને બીજી સ્ત્રીએ પોતાના સ્વામીની મરી ગયલી બહેનનું સ્વરૂપ ઓળખ્યું. બન્ને સ્ત્રીઓએ બે મૂર્ત્તિના ઉપર જરા ધ્યાન લગાડીને જોયા પછી એઓ ધીરે ધીરે છત ઉપર ચઢીને એકીવારે મિલિત તથા અન્તર્હિત થઇ*.

૨૫ આઇટિનેરેન્ટ એટલે મુસાફરી કરનાર મિડિયમ્ એઓ પીડિત, સન્તાપિત, પ્રલોભિત, પતિત તથા મરવા પડેલા વગેરે વિપત્તિમાં પડેલા માણસોની પાસે આત્માથી મોકલાય છે.

ઉદાહરણ. જાન જોન્સ ન્યુયાર્કમાં ડાકટર એસ. એલ. લાઇયનની

---

* J. Jones, Natural and Supernatural, p. 403.

પાસેથી નીચે લખેલી હકીકત જાણીને તેણે પોતાના પુસ્તકમાં પ્રકટ કરી છે. કેટલોક વખત થયા ડાકટર લાઇયન ફિલેડેલફિયા શહેરમાં જઇને જે હાર્ડહાઉસ નામના ઘરમાં રહેતો હતો. એક દહાડો ઘણો ફરવાથી થાકીને એ ઘરના એક ઓરડામાં બેસીને આસાયત લેતો હતો, એટલામાં મરેલ નામનો એક માણસે એકદમ ઓરડામાં પ્રવેશ કરીને તેના ખભા ઉપર હાથ મૂકીને જગાડ્યો અને તે બોલ્યો, મેડમ હાડિન્સ ઘણાક માંદા છે અને તેઓ ઘણું દુઃખ ભોગવે છે, તેને ઔષધ આપો. હું આપને મારી જોડે લઇ જઇશ. એ સ્ત્રી ત્યાંથી એક કોશ ઉપર રહેતી હતી. હું એક અતિ મોટી શક્તિના પ્રભાવથી તેને છોડીને એટલો દૂર આવ્યો છું તેનું કારણ હું પહેલા સમજી શકયો નહિ, મારા પગ ઘણાજ જોરથી ચાલવા લાગ્યા, જ્યારે હું એ ઘરની પાસે આવી પહોંચ્યો, ત્યારે બીજી જગાએ ચાલ્યો નહિ, તેથી તે ઘરમાં પ્રવેશ કરવું પડ્યું એથી પહેલાની પેઠે ચાલતાં ચાલતાં એ ઘરનો દાદરો ચઢીને બીજા ઓરડામાંથી એ ઓરડામાં ગયાથી પગ ચાલતા બંધ થયા પછી ઓરડાનો દરવાજો ઉઘાડીને તેમાં પોતાને જોઇને હું જાણી શકયો કે મેડમ હાડીન્સની દવા સારૂં હું આત્માથી પોતાની પાસે મોકલ્યો છે. આ સાંભળી તે ડાકટર તરત સ્હેલની સાથે રોગીની આગળ જઇને જોયું કે તે રોગની યંત્રણાથી ઘણી જ દુઃખિત થઇ છે, ડાકટરે થોડીવાર સુધી કેવળ હસ્ત ચલાવીને તેની વેદના સારી કરી, બીજે દિવસે તે પાછો તેણે રોગીની આગળ જઇને જાણ્યું કે, તે ગઇ રાત્રે ખુશીથી ઉંઘ કાઢી હતી, અને તેથી વ્યાધિ બહાર પ્રકાશ થઇને તેના ખરા લક્ષણો જણાયા, તેથી ડાકટરે એક સામાન્ય ઔષધ આપીને તે દિવસે ન્યુયાર્કમાં પોતાને ઘર ગયો. ત્યાં જઇને જુવે છે તો કાનેકટીકટના પરગણામાંના બ્રીજપોર્ટ નગરમાંથી મેડમ પોર્ટર તેના ઘરમાં આવી છે. તેણે એક આત્માને વશીભૂત કરીને ફિલેડેલફિયા શહેરમાં ઉપલો બનાવ કર્યો હતો, તેણે વર્ણન કરીને કહ્યું કે, આવતી કાલે તમને તે શહેરમાંથી એક કાગળ મળશે, તેમાં રોગી સ્ત્રીની તનદરોસ્તીના સમાચાર મળશે. વાસ્તવિક કહેલે વખતે એ પ્રકારનો કાગળ મળ્યો. *

---

* J. Jones's Natural and Supernatural, p. 470.

૨૬ સાઇકોલજિકલ એટલે આધ્યાત્મિક મિડિયમ. એનું મન આધ્યાત્મિક નિયમ પ્રમાણે આત્માથી એવું તાબે થાય છે કે, તે જે ઉપદેશ આપે છે, તેને તે જ અવસ્યક કરવું પડે છે. તે જાણીને તે પ્રમાણે તે કામ કરવામાં મંડે છે.

ઉદાહરણ. ફિલેડેલફિયામાં એ જાતનો એક મિડિયમે જે. ડિનિસને તા. ૨૫ માર્ચ ૧૮૫૭ મી એ એક પત્ર લખ્યો હતો. તેનો ઉતારો નીચે આપવામાં આવે છે, "એક દહાડો સવારના પહોરમાં હું મારા ઘરથી કામે જતો હતો એટલામાં અતિ ઉન્નત તથા પ્રકાશ ભાવ એકદમ મારા મનમાં આવ્યો. એ ભાવ પ્રકાશક પ્રત્યેક વાક્ય અને પ્રત્યેક પદ એવા સુસ્પષ્ટ તથા બળવાન જણાયા કે મેં અત્યન્ત આશ્ચર્ય પામીને તેના ઉપર કાન ધર્યા. ઉપલા ભાવ કહેનારે પૃથ્વીમાં પહેલા વસનાર એક મોટી પદવીના માણસના આત્મા તરીકે પોતાની ઓળખાણ આપી અને મેકિસકોની દુરવસ્થા જ તેનો પ્રસંગ હતો, એ દેશને યુનાઇટેડ સ્ટેટસની સાથે જોડવાનો તેનો ઉદ્દેશ હતો, કારણકે, એના સિવાય લોકોની શાન્તિ તથા ઉન્નતિ થવાનો બીજો કંઇ પણ ઉપાય નથી. તે વેળાએ મારા મનમાં આવો અભિપ્રાય એવો મજબુત રીતે ઠસાવવા લાગ્યો કે, મારી પોતાની નાડી હાલવાની પેઠે મને તેના દરેક અક્ષરો મગજમાં સ્પષ્ટ રીતે જણાવવા લાગ્યા, અને હું આંખથી કોઇ મિત્રને જેવો સ્પષ્ટરૂપે જોઇ શકું છે તેવો મારી આગળ કોઈ જ્ઞાનવાન પુરૂષ હાજર જાણી શકયો. આ બનાવ એવો આશ્ચર્યકારક છે કે, એનું દહેલું એક વેળાએ જ્યારે હું લખું છું, ત્યારે જણાય છે કે, જે કોઇ શક્તિ કોઇ વેળાએ મારી ડાબી બાજુએ અથવા જમણી તરફ, પરન્તુ સર્વદા મારા કરતા જરા ઉચ્ચે રહીને મારા મનના ઉપર કર્તૃત્વ કરે છે. આ ભાવ મને ઘણોજ મનોહર તથા સુખદાયક જણાય છે અને તે અવસ્થામાં હું કેટલાક મહાત્માના વચન સ્વરૂપ ઘણાક લખાણ કરૂં છું, તેમાં મારો રક્ષક આત્મા જે ઉપદેશ મારી આગળ કહે છે, તેનો મર્મ આપને જણાવવા માટે તેમાંથી કેટલોક ભાગ ઉતારૂં છું, તમે માણસના ભલાને માટે અને ગરીબીમાં પડેલા ઉત્યકત કેદખાના-

માં તથા અંધારા ભોયરામાં બંધ થયલા અને લોઢાની જંજીરમાં બંધ થયેલા વગેરે વિપત્તિમાં પડેલા માણુસોને માટે કલમસોક તમે માણુસને જ્યાં જુઓ, ત્યાં તેને એકલો છોડશો ના. આત્માના સંબંધમાં, માનવ પ્રીતિના સંબંધમાં, અને બીજા ઘણાક કારણુને લીધે તેઓ તમારા ભાઇઓ થાય છે. આ લખાણુ ઘણી જ ત્વરાથી તથા નિઃસંશરૂપથી લખાયલું હતું. એ વિષયમાં મેં પહેલા કંઇ પણ વિચાર મનમાં કર્યો નહોતો. એમાં ભાષા સંબંધી દોષ હશે પણ લખાણુનો ભાવ જે ખરેખરા ખ્રિસ્તી ધર્મનો છે તેમાં કંઇ સંદેહ નથી. મારી પાસે જે પિતૃઓ આવે છે, મેકિસ્કો દેશની અવસ્થાના ઉપર તેઓની વિશેષ નજર છે. જે વેળાએ આ આશ્ચર્ય લખાણુ મારેથી લખાય છે, તે વેળાએ એવાં કોઇ બનાવ હું જાણુતો નહોતો કે જેના યોગે તે દેશને માટે મારા મનમાં તે જાતનો વિચાર ઉત્પન્ન થઇ શકે. એક એક વેળાએ એ હતભાગ્ય દેશના માણુસોની દુરવસ્થા તથા રાજ્યચલાવનારનું સ્વાર્થપણું મારા મનમાં એવું પ્રબલ રૂપથી ઠસી જાય છે કે, હું તેમાં દયાળું થઇને વિલાપ ન કરતાં રહી શકતો નથી. ※

૨૭ સાઇકોગ્રાફિક એટલે મનોવૃત્તિ વર્ણુનકારી મિડિયમ. એઓ દૂર દેશમાં વસનાર માણુસના હાથના અક્ષરો તથા માથાના વાળ વગેરે જોઇને તેઓની ચાલચલણનું વર્ણુન કરે છે.

ઉદાહરણુ. મડમ મેટલ આ જાતની મિડિયમ હતી. એક દહાડો તેની આગળ ઈંગ્લંડના પ્રખ્યાત ભાષણુ કર્ત્તા તથા અસાધારણુ શક્તિમાન લાર્ડ બ્રોહામનો એક પત્ર આણ્યો. એ કાગળ પરબડીઆમાં હતો. તેના ઉપર લાર્ડના હાથના અક્ષરથી જેના નામે મોકલ્યો હતો તેનું સરનામું લખ્યું હતું. એનું પરબડીયું લાખથી બંધ હોવાથી મડમ મેટલ લખનારનું નામ અથવા તેનું પદ જાણુતી નહોતી. તેને કેવળ પરબીડીઆના અક્ષરો વંચાવ્યા હતા, ત્યાર પછી તેણે તે પત્ર પોતાના કપાળ ઉપર મૂકીને આવી રીતે કહ્યું, " જે માણુસના આ અક્ષરો છે, તે પ્રબળ

※ Davis's Present Age and Inner life, p. 163.

તથા પ્રખરબુદ્ધિ તથા સ્થિર સ્વભાવનો છે. તે સઘળા વિષયનો મર્મ જલદી સમજી શકે છે, અને પોતાના મનનો ભાવ સહજમાં તથા વિસ્તારિત રૂપે કહેવાને શક્તિમાન છે. તે સારા વિવેકી છે. અને તેનું અન્તઃકરણ સ્વાર્થ સાધવામાં બંધાયલું નથી. ઉલટું ઉદારતા તથા દયામાં પરિપૂર્ણ છે. તે કોઈ વિશેષ સંપ્રદાયના મત માનનારા નથી. તે બુદ્ધિવૃત્તિને ઉત્તમ પ્રકારે ચાલના કરે છે. અને વિવેક તેના કામનો પ્રવર્તક છે. તે જે ન્યાય તરીકે સમજે છે તેના વિરૂદ્ધ કોઈ રીતે તથા વગર કારણથી કોઇ વિષય ગ્રાહ્ય કરતા નથી. તેની દૃઢતા તથા સ્વતંત્રતા વધારે છે, તેની દયા વૃત્તિની ઉત્તેજના કર્યાથી તે દિલગીર થાય છે. તેની પ્રકૃતિ હિમ્મતવાળી તથા વાતચીત સુખદાયક છે. તે સર્વદા ગંભીર વિચારમાં મગ્ન રહે છે. તે સંસારના સુખ ભોગવવા ઉપર પ્રેમ રાખે છે ખરા, પણ હું સમજુ છું કે, તે તે સુખથી વંચીત થયા છે. તે કોઇ કોઇ વેળાએ વિષય કર્મ છોડીને એકાન્તમાં રહીને પોતાના સરળ સ્વભાવના પ્રમાણે સહજરૂપે સુખ ભોગવવાને ઇચ્છુક થાય છે. બાળકો તેને ઘણા વહાલા છે, તેઓ નિર્દોષપણાથી તે તેઓને ઘણા ચાહે છે. તે એક બુદ્ધિમતી સ્ત્રીને જોવાથી ખુશી થાય છે, તેના સદ્દગુણ જ એ પ્રીતિનું કારણ છે. તે મિત્રના ઉપર પ્રેમ રાખે છે; અને જેને એકવાર મિત્ર તરીકે ધારે છે તેના ઉપર સહજમાં નારાજ થતા નથી. તેના નિયમ તથા યથાકાલે કાર્ય કરવાની વૃત્તિ બળવાન છે. ગાયન વાદ્ય તેના ચિત્તને ખેંચે છે. અને તેમાં કરૂણ રસ હોવાથી તે આંસુઓ વરસાવે છે. તેને ઘણું જ વર્ણજ્ઞાન હોવાથી તે ચિત્રપટના એક સદ્દ વિચારક છે. તે ભૂતકાળના બધા બનાવ સારી રીતે યાદ રાખી શકે છે. તે ઉત્તમ ઠઠા અથવા શ્લેષ સાંભળીને સંતુષ્ટ થાય છે, અને પોતે પણ એક સદ્દવક્તા તથા પ્રખ્યાત માણસ છે. તેની વક્તૃતા શક્તિ મોટી છે અને તેની બુદ્ધિવૃત્તિ તથા ધર્મ પ્રવૃત્તિ પણ પ્રબલ છે."

આ વર્ણન લાર્ડ બ્રોહામના ચરિત્રના સર્વથી મોટાં લક્ષણની સાથે સંપૂર્ણ મળે છે. લાર્ડ આશવટન તથા ડિઝરેલિના હાથના અક્ષર જોઇને તેઓની પણ પ્રકૃત્તિ એ મડમે ખરી કહી હતી ⌘

⌘ Davis's Present Age and Inner life, p. 173.

૨૮ સ્પીકિંગ એટલે વક્તા મિડિયમ. એઓમાંના કેટલાક બહારના જ્ઞાનથી શૂન્ય થઇને તથા કેટલાક બહારના જ્ઞાનવાળા રહીને આત્માના વાક્યો પ્રકાશ કરે છે.

ઉદાહરણ. ડાકટર ડેકસટ પહેલા લખનાર પછી ભાષણ કરનાર મિડિયમ થયો હતો. તેના યોગે વાશિગ્ટન વગેરે પ્રખ્યાત મરી ગયલા માણસોના આત્માનો અભિપ્રાય જણાવ્યો હતો. તા. ૨૧ આગસ્ટ ૧૮૫૮ માં અધ્યાત્મ વિજ્ઞાનની ચર્ચા કરનારી મંડળીમાં તેણે લાર્ડ બેકનનું કહેવું જે કહ્યું હતું તે આ ઠેકાણે આપવામાં આવે છે.

"પરમેશ્વરની સૃષ્ટિમાં જે ચઢતીના ચિહ્ન જે નજરે પડે છે, તે તેની અસીમ શક્તિનું જેવું ઉત્તમ પ્રમાણ છે, તેમ સૃષ્ટિનું બધું કામ એકીવારે ખરૂં થાત, તો થાત નહિ. જો આ પૃથ્વી એકીવારે પૂર્ણાવસ્થાને પ્રાપ્ત થાત તો એનો નવો આકાર જોવામાં આવત નહિ. પ્રકૃતિ નવી નવી મૂર્ત્તિ તથા આકાર ધારણ કરીને ચઢતીના લક્ષણો ન દેખાડત, ધીરે ધીરે ક્ષય દશા તથા અવનતિને પ્રાપ્ત થાત અને આટલા દિવસમાં પૃથ્વીનો સઘળા ઉપરના ભાગ તથા તેના ઉંડાણના દેશ પણ વિનાશને પ્રાપ્ત થાત.

"સૃષ્ટિકર્ત્તાએ પોતાની સૃષ્ટિ કૌશળમાં જે મોટા ઉદ્દેશો પ્રકાશ કર્યા છે, તેમાં દરેક પદાર્થ અવિનશ્વર રહેવાની જે શક્તિ તેની પ્રકૃતિમાં મૂકી રાખેલી છે, તે સર્વ શ્રેષ્ઠ છે, એ કારણથી પૃથ્વી ક્ષયને પ્રાપ્ત થતી નથી, ઉચ્ચા પહાડો ચૂર્ણ થઇને ધૂળ તથા જમીનના ઉપરથી જતા નથી. ટૂંકામાં જડ પદાર્થમાં જે કંઇ ફેરફાર નજરે પડે છે, તેનાથી એ કોઇ એક નવો સંયોગ પ્રવેશ અથવા જૂનો મિશ્ર પદાર્થનો ભાગ થઇને સ્વાભાવિક શક્તિથી જીવિત, વર્દ્ધિત અને સ્ફુરીત થયાથી સ્વજાતિની ઉત્પત્તિ કરે છે. એ પરમેશ્વરની મોટી શક્તિનો દેખાવ છે. એ આશ્ચર્ય શક્તિ સજીવ કે નિર્જીવ વસ્તુમાં જ જોવામાં આવે છે. આ જમીનના પોપડા ઉપર પહેલાં જે પ્રાણીઓ હતા તથા હાલમાં જેઓ છે સર્વમાં ઉન્નતિનું બીજ જોવામાં આવે છે.

"આ આશ્ચર્ય જ્ઞાન થઇ શકે છે ખરૂં. પરન્તુ પ્રત્યક્ષ સિદ્ધ આ પૃથ્વીમાં અલોક લોક (વિદ્વાન લોક) છે, જેઓ સજીવ કે નિર્જીવ કોઈ

પદાર્થમાં ઉન્નતિના ચિહ્ન મનતા નથી. પણ જો માણુસ પૃથ્વીમાં સઘળા ભાગમાં પ્રવેશ તથા સર્વ સ્થાન તથા અવસ્થાની તપાસ કરી શકે અને જમીનના પોપડામાં પૃથ્વીના પહેલાના જીવતા મૃત શરીર દટાયલા છે, તે બહાર કાઢીને આજ સુધી ધીરે ધીરે જીવ પંકિતના કરવાં ઉન્નતિના ચિહ્ન જોવામાં શકિતમાન થશે તેમ થયાથી અત્યન્ત સંદેહવાદીઓના મનમાં પણ ખાતરી થશે કે, પૃથ્વીમાં જે ઠેકાણે કોઈ જાતના જીવ પહેલા ઉત્પન્ન થયા છે તે જીવ કાલે કરીને તથા અવસ્થાએ કરીને નવા ગુણો તથા નવા સંયોગ ધારણ કર્યા છે, અને આજ સુધી તે પ્રકારની ઉન્નતિની પાયરીએ એક એક પગલાં આગળ વધે છે.

"પરન્તુ તમારા મનમાં આ પ્રશ્નનો ઉદય થઈ શકશે કે, શાવાસ્તે આ બધુ થયું છે? મનુષ્ય અથવા જીવોની પેઠે સૃષ્ટિના બીજા કિયા ભાગમાં આવી જાતની ઉન્નતિના ચિહ્ન શું તમે દેખાડી શકો છો? હા એનો જવાબ ઘણો જ સહેલો છે. પ્રાણી રાજ્ય, વનસ્પતિ, ખનિજ સૃષ્ટિનો એવો કોઇ ભાગ નથી કે જેમાં ઉન્નતિના અખંડ ચિહ્ન મુદ્રિત નહોય, એ પણ ખરૂં છે કે દેશ ભેદથી, ખેતીવાડીની જૂદી રીતિથી વનસ્પતિ વગેરે પ્રકૃતિમાં ઘણીક રીતે ફેરફાર થાય છે. જો હિન્દુસ્તાનની કોઇ વનસ્પતિ બીજા દેશમાં લઇ જઇને ત્યાં રોપવામાં આવે અને જો ત્યાં તેને જીવતી રાખી શકાય, તો કેટલેક વર્ષે એ વનસ્પતિમાં એટલું બધુ જૂદાપણું ધારણ કરશે કે, તેનો પહેલાનો આકાર તથા ગુણના કંઇ પણ ચિહ્ન રહેશે નહિ. શિયાલથી લઇને માણુસ સુધી સર્વ જાતના પ્રાણીઓના વિષયમાં પણ એવું જ છે. તમે જેટલા ઉત્તર તરફ જશો, તેટલા ગરમ દેશના જીવોનો બહારનો આકાર એટલો ફેરફારવાળા જોશો કે, તેઓને ઓળખવા ઘણા મુશ્કેલ પડશે,

" વળી તમારા મનમાં આ પ્રશ્ન પણ ઉપજશે કે, એવું કેમ થાય છે? હું તેનો આ જવાબ આપું છું, પાર્થિવ પદાર્થની બહારની ચઢતીના જે દૃષ્ટાન્તો તત્વજજ્ઞાસુના પુસ્તક સ્વરૂપ છે, જે વાંચીને પારલૌકિક વિષયની એવી અવસ્થા જાણી શકાય છે."

આ પ્રશ્ન પણ પૂછાયલો છે કે, કેટલા વર્ષની પહેલા આ પૃથ્વી માણુસના રહેવાના લાયક થઇ હતી, અને કેટલા વર્ષથી આ લોકમાં માણુસના રહેવાના ચિહ્ન મળે છે? જે માણુસ બીજા સૃષ્ટ પદાર્થના કરતા આટલો વધેલો છે, જે માણુસ એક જીવંત આત્માનો અધિકારી થઇને બીજા જીવનાં કરતાં અસીમ શક્તિ ધારણ કરે છે, તે માણુસ ક્યિા કાળે આ દુનિયામાં પહેલા આવ્યો ? જો કે આપણે પૃથ્વીના ગર્ભમાં પ્રવેશ કરીને ત્યાંના ઉંડા પોપડા ઉથલાવીએ તો આપણે જોઇશું કે, તેમાં કાળના કોઇ ચિહ્ન અંકિતં નથી. જો આપણે સમુદ્રની નીચે જઇએ, તો ત્યાં અંધકારમય કોડથી ઉપલા પ્રશ્નનો કંઈ ઉત્તર ન મેળવતાં પાછા ફરીશું. જો ઉચ્ચા પહાડ ઉપર ચઢીએ, તો ત્યાં પણ કંઇ ઉત્તર મેળવવાના ચિહ્ન જોઇશું નહિ. જ્યાં આપણે જઇએ ત્યાં આપણે શોધીએ, કોઇ પણ રીતે આપણે કહી શકીશું નહિ કે ક્યિા કાળે મનુષ્ય આ પૃથ્વીમાં પહેલા જન્મ્યો છે. જે માણુસ ખરે ખરો તીક્ષ્ણબુદ્ધિનો તથા સૂક્ષ્મ વિચારનો છે. જે સર્વ વિષયની શોધ કરે છે, પરીક્ષા કરે છે, અને બન્ને વચ્ચે મુકાબલો કરે છે, તે સમજી શકે છે કે, જે અભિમાની માણુસ પોતાના આત્માના થોડાથી પરમેશ્વરની સાથે મળવાના સંબંધમાં પણ એની માનસિક શક્તિના પ્રવાસથી પૃથ્વીના ઉપર એકાધિપત્ય કરવા ઇચ્છે છે, તે માણુસ નાના પ્રકારના ધર્મ તથા નિકૃષ્ટ પ્રવૃત્તિ જે એના કામમાં જોવામાં આવે છે તે પૃથ્વીમાંના પ્રત્યેક જીવ જંતુની પ્રકૃતિની સમષ્ટિ સ્વરૂપ માત્ર છે. કારણકે તેના ચરિત્રમાં જે માનસિક વૃત્તિયો એટલે રાગ, વૈર લેવાની ઇચ્છા, મન, ઇચ્છા, ધુર્ત્તતા, કૌશળ, સાહસ, નિર્ભયપણું, ચતુરતા. કપટતા, પ્રેમ, ઇર્ષ્યા, હિંસા, અહંકાર ઇત્યાદિ પ્રકાશ પામે છે, તે સર્વ બીજા પ્રાણીઓના સ્વભાવથી અધિકાર કરવો એ સ્પષ્ટ પ્રમાણ છે."*

૨૯. ઇનપ્રિરેશનરજ એટલે દૈવજ્ઞાન મેળવનાર મિડિયમ, એવો પોતાના આત્મામાં આધ્યાત્મિક ઐશિક તથા શાશ્વત વિષય સર્વની સત્યતા

* Spiritualism by J. Edmods and Dr. Dexter.

જાજવલ્યમાન જોઇને તેનુ ચિન્ત, અનુષ્ઠાન, લખવું તથા બોલવું તોપણ તેઓની બહારની ઇન્દ્રિયો સંપૂર્ણ વંશમાં રહે છે.

ઉદાહરણ. સર્વે કાળના સર્વે દેશના ધર્મ પ્રચારક મહાત્માઓ આ પંક્તિમાં છે. જેમકે મુસા ઇશુખ્રિસ્ત, મહમદ, બુદ્ધ, ચૈતન્ય, તુકારામ, નાનક વગેરે એઓના પવિત્ર તથા ઉન્નત આત્મામાં સ્વર્ગનો ધર્મ ભાવ પારલૌકિક જગતમાંથી પ્રવાહિત થયો હતો.

૩૦ ઇસ્પ્રોવિજેશન એટલે સંગીત અથવા કવિતા લખનાર મિડિયમ. એઓ કોઇ આત્માના પ્રસાદથી પ્રથમ વિચાર ન કરતા વગર હરકતે તથા સહેલાઇથી સંગીત અથવા કાવ્ય રચે છે.

ઉદાહરણ. અમેરિકમાં ટિ, એલ હારિસ એ જાતનો એક મિડિયમ હતો. તે થોડી મુદતમાં તેએ કેટલાક મોટા કાવ્ય ગ્રન્થ રચ્યાં હતાં, એ પુસ્તકમાં એવા અસામાન્યા કવિત્વ શક્તિની ઓળખાણ મળે છે કે તે માણસની શક્તિથી બહાર છે. ચાર હજાર ચરણ વાળી "ઇપિક આફ ધિ સ્ટારિ હેવન" નામનું કાવ્ય ૧૪ દિવસ ૨૫ કલાક અને ૧૬ મીનીટમાં રચાયું હતું. "લિરિક આફ ધિ મર્ણિલાંડ" નામનું કાવ્ય જેમાં પાંચ હજાર ચરણ છે, તે મિડિયમના કહેવા પ્રમાણે બીજા માણસે ૩૨ કલાકમાં લખ્યું હતું. "ધિ ગોલડન એજ" નામનું દશ હજાર ચરણનું કાવ્ય એક શો કલાકથી કંઇક વધારે મીનીટમાં લખાયું હતું. કહેવાય છે કે પલક, શેલી, બાઇરન, કોલરિજ વગેરે મહાકવિઓના આત્માના પ્રભાવથી ઉપલા ગ્રન્થો લખાયા હતા*

૩૧ નાર્મલ એટલે સ્વાભાવિક મિડિયમ. એવો વ્યવહારના લક્ષણના સિવાય સર્વદા પ્રશાંત્ર તથા ગંભીર ભાવથી પોતાને ઐશ્વરિક શક્તિથી સુરક્ષિત અનુભવ કરીને પારલૌકિક જગતની સર્વવ્યાપી સુખપ્રદ હવાનો ઉપભોગ કરે છે.

ઉદાહરણ. હિન્દુસ્તાનના પ્રાચીન કાલના ઋષીઓ એ પંક્તિમાં સામેલ છે.

*Dr. S. B. Brittan's man and his Relations p. 506.

મિડિયમની પરીક્ષા.*

ઘણાકો આપત્તિ કરે છે કે જે કાર્યો પિતૃઓથી થયલા કહેવાય છે, તે મિડિયમોની કળા કૌશળ્યથી થાય છે. પરન્તુ એ વિષયમાં મિડિયમની કોઇ જાતની લુચાઇ છે કે નહિ અને ખરે ખર મૃત માણુસના આત્માની સાથે મનુષ્યની વાતચીત થાય છે કે નહિ તે નીચલા વર્ણનથી તે સન્દેહ દૂર થઇ શકશે.

૧ લુ. ટકોરા મારવાના શબ્દથી પણ મૃત માણુસની પ્રકૃતિની ઓળખાણ મળે છે, જે બહુ બળવાન માણુસના આત્માએ કરેલા શબ્દ મોટા તથા મજબુત હોય છે, બાળકના આત્માએ કહેલા શબ્દ મૃદુ તથા ધીરો હોય છે, શાન્ત સ્વભાવનો શબ્દ ધીરો તથા સુસ્થિર, અધૈર્યનો શબ્દ જલદી તથા ચંચલ વગેરે થાય છે.

૨ જુ. માણુસોના નામ તથા ઉમ્મર અને બનાવનો કાળ તથા સ્થાન ઇત્યાદિ યથાર્થ રીતે કહેવાય છે એનું નિવારણ એ છે કદી પ્રશ્નનો ઉત્તર વાક્ય તથા બીજા કેટલાક વાક્ય જૂદા જૂદા કાગળની સાથે વાળીને એકત્ર રાખવાથી પણ એ સર્વેમાંથી જે ઇચ્છેલા વાક્યના કડકા એકી વારે બહાર કાઢે છે. કોઈ વેળાએ પ્રશ્ન વાળા કેટલાક નામ એક પછી એક કહ્યાથી ખરેખરા નામોચ્ચારણ કાલે ઉત્તમ સ્વરૂપ શબ્દ કર્યો છે, કોઈ કોઈ વાક્ય અથવા લખાણ તથા કોઈ ચિહ્નથી ઉત્તર વાક્ય મળ્યા છે. ઘણીક જગાએ મિડિયમ પોતે જવાબના વાક્યથી અજાણ્યા હતા.

૩ જું. કોઈ લખેલા કાગળને પરબીડીઆમાં બંધ કરીને લોખડથી મજબુત બંધ કર્યાથી એ પત્ર બહાર ન કાઢતાં તેનો જવાબ આપ્યો છે, અને કેટલાકોએ જવાબની સાથે મૂળ પત્રની બરાબર નકલ પ્રકટ કરી છે.

૪ થું. મિડિયમ જે માણુસોનાં નામ તથા તેઓ અહિં પહેલા રહેતા હતા તે જાણુતા નહિ હોવા છતાં પણ એ સર્વ માણુસના આત્માઓએ પોતનું નામ, ચરિત્ર તથા બનાવની હકીકત મિડિયમની પાસે

---

* Spiritual Tracts No. 10, p. 33.

પ્રકાશ કરી છે, તેમાં તેઓની ઓળખાણ નિશ્ચિત રૂપથી મળેલી છે.

૫ મું. જોનાર મિડિયમ અજાણ્યા આત્માઓને આવેલો જોઇને તેઓનો આકાર પ્રકાર વર્ણન કરવાથી તેના મિત્રો તથા સગાંવહાલાં નિઃસંશયરૂપથી ઓળખી શકયા છે.

૬ ઠું. બોલનાર તથા લખનાર મિડિયમથી પિતૃઓનો સ્વભાવ તથા પ્રકૃતિ અભ્રાન્ત રીતે કહી છે અને કોઈ કોઈ મૃત માણસના જીવન કાળમાં જેવો સ્વર, મનનો ભાવ તથા ભાષા દેખાડતા હતા તેવા તે પણ કહે છે.

૭ મું. એવા બનાવો મિડિયમથી થાય છે કે, જે પ્રશ્ન કરનાર તથા મૃત માણસના સિવાય બીજા કોઇ જાણતા નથી.

૮ મું. પ્રશ્ન કરનારના મતનો ભાવ જે કાંઈ જાણતા નથી, તે પણ કહે છે.

ઉપર લખેલા વર્ણન ઉપરથી સાબેત થશે કે, આ કામ મિડિયમની બનાવટથી બનવા મુસ્કેલ છે. ટૂંકામાં જો કે કોઈ પોતાના સ્વાર્થ સાધવા માટે ઉપર લખેલા વિષયમાં કોઈ લુચ્ચાઈ કરે છે તથાપિ તેમાં યથાર્થ મિડિયમના ઉપર કાંઈ દોષ લાગી શકતો નથી, કારણકે અતિ પવિત્ર ધર્મ સંપ્રદાયમાં પણ લુચ્ચાઈ જોવામાં આવે છે. એ માટે તે ધર્મ કદી અનાદરને પ્રાપ્ત થતો નથી.

મિડિયમની શક્તિ.*

માણુસ કેવી જાતની અવસ્થામાં મિડિયમની શક્તિ મેળવે એટલે આત્માશ્રયના લાયક થાય છે, એ વિષયમાં જડજ એડમન્સે તા. ૨ એપ્રેલ ૧૮૫૯ માં ન્યુયાર્ક ટ્રિબ્યુન નામના પત્રમાં જે લખ્યું છે તેનો તાત્પર્ય આ ઠેકાણે આપવામાં આવે છે.

૧ લુ. સાધારણ રીતે મનુષ્ય શરીરના યોગ સિવાય આત્મશક્તિ ખીલી શકતી નથી, પરન્તુ કેટલીક જગાએ તેમ પણ થઈ શકતું નથી, કારણકે હાના એટલે ભૂતવાળા ઘરમાં અલૌકિક કામ જોવામાં આવે છે તો પણ ત્યાં કોઈ મિડિયમ હોતા નથી એનું દૃષ્ટાન્ત પ્રિવેસ્ટ નગરનો પ્રખ્યાત દર્શી મિડિયમે કહ્યું કે મારા ઘરમાં એક કાળા રંગનો કુતરો હતો, તે આત્માને આવતો જોઇને બુમો પાડતો હતો અને રાત્રે તે એકલો સુતો નહોતો.

૨ જું. મિડિયમની શક્તિ મનની શક્તિના કરતાં શરીરની પ્રકૃતિના ઉપર વધારે આધાર રાખે છે, પરન્તુ એ પ્રકૃતિ કેવી રીતની જોઇએ તેનો નિર્ણય કરવો કઠણ છે. કારણ કે, બુદ્ધિમાન, મૂર્ખ, ધનવાન, ગરીબ, ઉચ્ચા કુળના, નીચ કુળના, શીખેલા, અભણ, પરણેલા કુવારા, પુરુષ, સ્ત્રી, જુવાન, વૃદ્ધ, ગોરા માણુસ, કાળા માણુસ સર્વ જાતનાં માણુસોમાં મિડિયમની શક્તિ એક સરખી રીતે ખીલેલી દીઠામાં આવી છે.

૩ જું. એ શક્તિ અભ્યાસથી વધે છે, જેમકે શબ્દકારી મિડિયમની મદદથી પહેલાં ક્ષીણ તથા અસ્પષ્ટ શબ્દ થયા પછી મોટો તથા સ્પષ્ટ શબ્દ ઉત્પન્ન થાય છે. આવી રીતે પહેલા મેજ જરા હલવાનો આરંભ થાય છે, પછી અતિશય વેગથી હલે છે. લખનાર મિડિયમ પહેલાં મોટા કદના અસ્પષ્ટ અક્ષરો ખેંચે છે પછી સહેલાઇથી તથા સ્પષ્ટ રીતે લખે છે. જોનાર મિડિયમ પહેલાં આત્માને સૂક્ષ્મ તથા છાયાની પેઠે જુએ છે પછી તેનો આકાર સ્પષ્ટ રીતે જોઇને ઓળખે છે ઈત્યાદિ.

---

* Spiritual Tracts No. 10, p. 13.

૪ થું. માણુસનો સ્વભાવ તથા કામ જેમ અસંખ્ય જાતના છે, તેમ એઓની મિડિયમની શક્તિ પણ છે, એટલે બે માણુસની આ શક્તિ એક સરખી થતી નથી. ખરી રીતે જોતાં તેમાં જરા તફાવત જરૂર જણાય છે.

૫ મું. આ શક્તિ પોતાની મેળે આવે છે, આપણી ઇચ્છા મુજબ આવતી નથી. આપણે યોગ્ય નિયમ પાળીને એ શક્તિને ખીલવવાની તજવીજ કરી શકીએ છીએ, અને તેના ઉલટા ચાલ્યાથી તેમાં આપણે હરકત પુગાડી શકીએ છીએ, પરન્તુ આપણે એ શક્તિ કદી પોતાની ઇચ્છાથી મેળવતાં નથી, અને આપણી પોતાની ઇચ્છાથી તે નિવારણ કરવાને શક્તિમાન થતા નથી.

૬ ઠું. અમેરિકા, યુરોપ, એસિયા કે આફ્રિકા પૃથ્વીના કોઈ પણ ભાગમાં આ શક્તિ પ્રકાશ પામી છે. સર્વત્ર એનાં સાધારણ લક્ષણો એક જાતના દીઠામાં આવ્યાં છે.

૭ મું. જો કે આ શકિત શરીરની પ્રકૃતિના ઉપર ઘણું કરીને આધાર રાખે છે, તથાપિ તેમાં મનની પ્રવૃત્તિનો પણ સંબંધ છે. કારણ છે ઘણીક જગાએ સ્વાર્થને લીધે એ શકિત બમણી જોવામાં આવી છે. જડજ એડમન્સે નજરો નજર જોયું છે કે, એક મિડિયમને વારંવાર મનાઈ કર્યા છતાં અર્થ લોભી થવાથી તે શક્તિ તેમાંથી ચાલી ગઈ અને ત્યાં સુધી તેની ચાલ ન સુધરી ત્યાં સુધી તેવી અવસ્થામાં જ રહ્યો હતો. તેમ એક ગરીબ છોકરીને મિડિયમની શકિત મેળવ્યા પછી તેનાથી એક ડોશી પૈસા કમાવા લાગી તેથી એ મિડિયમની ડોશીને લીધે જતી રહી, અને તેની શકિત પણ પછી રહી નહિ.

૮ મું. મિડિયમની ઇચ્છા સિવાય પણ તેની મિડિયંમની શક્તિ વારંવાર ફેરફાર થાય છે. એવું જોવામાં આવ્યું છે કે, એક માણુસ પહેલા રાવિંગ તથા ટિપિંગ મિડિયમ હતો પછી હળવે હળવે લખનાર, બોલનાર, ગાયન ગાનાર, રૂપધારી, સ્પષ્ટ જોનાર, ભવિષ્યદ્વાદી વગેરે મિડિયમ થયો હતો.

૯ મું. જો કે મંદવાડ સર્વે ઠેકાણે આ શક્તિ ખીલવવામાં હરકત નહોંડતી નથી, તથાપિ શરીરની સુખાકારી તેને ઘણીજ માફક છે તેમાં શંકા નથી અને એ શક્તિ વિવેચના પૂર્વક વાપર્યાથી તેમાં કદી તનદરોસ્તી ખરાબ થતી નથી, પણ તે વધારે થયાથી અપકાર થાય છે.

૧૦ મું. આ શક્તિ જ્યારે જે મૂર્ત્તિ ધારણ કરે, ત્યારે પરલોકવાસીની સાથે મનુષ્યની વાતચીત થવી એ તેનું મોટામાં મોટું તાત્પર્ય છે, તે સ્પષ્ટ રીતે સિદ્ધ થયું છે.

અધ્યાત્મ તત્વ મંડળ.*

અધ્યાત્મ વિજ્ઞાનના અભ્યાસને માટે કેવું મંડળ સ્થાપવું જોઇએ અને શા શા નિયમો પાળવાથી આત્માની શકિત ઉત્તમ પ્રકારે આરંભ થાય તેનું કંઇક વર્ણન આ ઠેકાણે આપીએ છીએ.

૧. એ તત્વની શોધ કરવાની પહેલી અવસ્થામાં ૪ માણસોથી ઓછા તથા બાર માણસોથી વધારે થઇને બેસવું એ ફળદાયક થાય છે.

૨. સાધારણ રીતે એ ચક્રમાં પુરુષ તથા સ્ત્રીની સંખ્યા સરખી હોય, તો સારૂં અને સઘળાં માણસો ત્રણ પાયાની મેજની ચારે બાજુએ ગોળાકારમાં એક બીજાના હાથ પકડીને અથવા મેજના ઉપર હાથ મૂકીને બેસવાથી આત્માની શકિત સહેલાઇથી આવે છે.

૩. જે માણસનો એક સરખો સ્વભાવ હોય તથા એક બીજાની જોડે મનનો મેળ હોય તથા જેઓ સત્ય શોધવામાં યત્નવાન અને ધીરજવાન તથા ખંતીલા હોય, તેઓએ ગોળાકારમાં બેસવું અથવા તેને બેસાડવા.

૪. જે માણસ અધ્યાત્મતત્વને તુચ્છ જાણે, અથવા જેના મનમાં વિદ્વેષ ભાવ જણાય તેને ટેબલની આગળ બેસાડવા નહિ. કારણ કે વિરૂદ્ધ મતનાં માણસનાં સમાગમથી આત્માની શકિત જતી રહે છે અને એના કામમાં હરકત પુગે છે.

૫. ગોળાકારમાં બેઠેલો માણસ હાથ ઉપાડીને તે જાય તથા તેની જગાએ બીજો માણસ બેશે તેથી એ શકિત આવવાનો આરંભ થયો હોય તે જતી રહે છે અને પાછી આવતા વાર લાગે છે તેથી ધીરજ ધરીને બધાએ બેસવું જોઇએ.

૬. ચક્રમાં બેઠેલાં માણસોએ શાન્ત, કોમળ તથા ભકિત ભાવથી રહેવું જોઇએ, અને તેને માટે સારા ગીતો તથા ઉપાસના કરવી એ ઘણી ફળદાયક તથા કોઇ કોઇ વેળાએ તે ઘણી જરૂરની હોય છે.

---

* Spiritual Tract No. 10, p. 19.

૭. મંડળમાં બેઠેલા કોઇનું મન કોઇ રીતે ઉચ્ચાટ તથા મનોવિકાર વાળા થયાથી આત્માની શક્તિ ખીલવામાં હરકત પહોંચે છે.

૮. જે માણસ અધ્યાત્મતત્વ શોધમાં ફતેમંદ થવા ઇચ્છતો હોય, તેનું કર્ત્તવ્ય એ છે કે, તે પ્રગાઢ ભક્તિ તથા શ્રદ્ધાવાન થઇને તે કાર્ય કરવામાં મંડે અને પરીક્ષાથી જે નિયમો મુકરર થાય, તેનું પાલન કરે, મન ડગ્યાથી તેનો યત્ન સફળ થતો નથી.

૯. જે માણસ સ્વાર્થપરાયણ તથા ઇન્દ્રિયપરાયણ છે તે કદી ઉપલા વિષયમાં શુભ ફલ મેળવી શકતો નથી, કારણ કે, નિર્મળ ચિત્ત નહિ થવાથી પવિત્ર આત્માની સાથે વાતચીત થવી એ કોઇ રીતે સંભવતું નથી.

૧૦. જ્યારે આત્માનું કામ જોવાનો આરંભ થાય, ત્યારે મંડળમાંના માણસોને કંઇ ઉપદેશ મેળવવાની જરૂર જણાય, તો તે વિષયના પ્રશ્નો પૂછીને આત્માઓની પાસેથી ઉત્તર મેળવી શકાશે.

મેઝમેરિઝમના તત્વની માહિતી; તેની જોડે અધ્યાત્મિક તત્વનો સંબંધ છે તેના વિશે વિવેચન.

ખરેખરા મિડિયમથી કોઇ જાતની લુચાઇ નહિ થવાનાં સંબંધમાં જે કારણો છે તે આગળ બતાવ્યા છે. હમણા આવો સવાલ ઉઠશે કે, જો મિડિયમની લુચાઇ થવી સંભવતી નથી, તો એની સહાયતાથી કેવી રીતે આત્માનું કામ થાય છે? અધ્યાત્મવાદીઓ આ પ્રશ્નનો જે ઉત્તર આપે છે, તે વિસ્તારીને લખવામાં આવે છે. પરન્તુ એ યાદ રાખવું જોઇએ કે આપણા જ્ઞાનની હાલની અવસ્થા પ્રમાણે પૃથ્વીના તમામ વિષયમાં કાર્ય કારણનો સંબંધ આપણે સર્વદા જોઇએ છીએ, આત્માનાં કાર્યમાં તે સ્પષ્ટ રીતે નજરે પડતું નથી તેથી એ વિષયનો ઉપમેય અથવા સંભવ પ્રમાણના સિવાય પ્રત્યક્ષ પ્રમાણથી નિઃસંશયરૂપથી નક્કી થઇ શકતું નથી.

અધ્યાત્મતત્વ શોધવાની પહેલાં ઘણા કાળથી મેસમેરિઝમ નામની એક જાતની નિદ્રાકારી શકિતની શોધ થઈ છે. આ અવસ્થામાં ઉંઘેલા માણસથી જે કામ થાય છે તેની સાથે આત્માના કામનું ઘણુંક સરખાપણું જોવામાં આવે છે. એ વાસ્તે અધ્યાત્મ કાર્ય કેવી રીતે થાય છે તે સમજાવવા માટે પહેલા મેસમેરિઝમની શકિતનું વર્ણન આ ઠેકાણે આપીએ છીએ. ઈ. સ. ૧૭૭૬ માં જર્મનના પ્રખ્યાત ડાકટર ફ્રેડરિક આન્ટનિ મસમરની તરફથી પહેલાં આ શકિત પ્રકાશિત થવાથી મેસમેરિઝમના નામથી પ્રખ્યાત થયું છે. પરંતુ હમણાં લગભગ બધા યુરોપનાં વિજ્ઞાન શાસ્ત્ર જાણનારાઓ એને એનિમળ મગ્નિટિઝમ એટલે જીવ સંબંધી આકર્ષણ શકિત તરીકે કહે છે, જે માણસ આ શકિતથી બેહોશ થવાને લાયક છે, તેને સબજેકટ એટલે બેહોશ થવાનું પાત્ર અને જે આ શકિતની ચાલના કરે છે તેને માગનેટાઇન્ટ એટલે બેહોશ કરનાર કહેવાય છે.

આવાં નિદ્રાકર્ષણ કરવાનો નિયમ એ છે કે, બેશુદ્ધ થનાર પાત્રને જરા અઢેલીને બેસાડીને અથવા કોચ ઉપર સુવાડીને તેના કપાલથી લઇને ધીરે ધીરે મુખ ઉપરથી પેટ અથવા પગ સુધી બેશુદ્ધ કરનારે પોતાના બે હાથ એવી રીતે તેના શરીર ઉપર ચલાવવા કે તેની આંગળીઓના ટેરવાઓ તેના શરીરને અડકે નહિ તે છતાં એટલી પાસેથી જવા જોઇએ કે, લગભગ ઘસાય અથવા એવી રીતે કપાળની બે બાજુએથી ઉતારીને બે હાથ ઉપર ચલાવવા. આ કામ બેશુદ્ધ કરનારે સ્થિર ચિત્તથી તથા દૃઢ પ્રતિજ્ઞાથી કરવું. બેશુદ્ધ થનારે પણ શાન્ત રહેવું, તથા ત્યાં કોઈ જાતની ગડબડ કરવી નહિ. હાથ ચલાવનારની તરફ બેશુદ્ધ થનારે તથા ઊંઘનારે પોતાની આંખ તેની આંખની તરફ જોયા કરવું, અને નિદ્રાકારકે પણ તેના ઉપર દૃઢરૂપથી જોયા કરવું. થોડો વખત ગયા પછી પાત્ર એટલે ઊંઘનારની પોતાની પ્રકૃતી પ્રમાણે ગરમી તથા થંડી લાગશે અથવા તેના શરીરમાં ટાંકણી ભોંકાતી હોય તે પ્રમાણેની વેદના અથવા ઘા તથા જડ જણાશે. ત્યાર પછી ધીરે ધીરે નિદ્રાકર્ષણ થઇને અચેતનની હાલતને પ્રાપ્ત થશે.

આ કામ પૂર્ણ કરવા માટે બેની ઘણી જરૂર છે. પહેલું નિદ્રાપાત્રની સહનશીલતા અને તે કામમાં તેની ખુશી. બીજું નિદ્રા કરાવનારની ઘણી આતુરતા એના સિવાય એ કામની જગાએ કોઇ જાતનો શબ્દ થવો નહિ જોઇએ. કારણ કે બહારથી માણસોના આવજાવ અથવા ત્યાં હાજર થયલા માણસોનું અતિ ધીરે ભાષણ અથવા હલવું તથા પોશાકના અવાજથી એ કામમાં હરકત પહોંચે છે.

અંગ્રેજી ભાષામાં આ નિદ્રાવસ્થાને સમનમ્બુલિજ્મ એટલે નિદ્રાવસ્થામાં ફરવું* કહે છે, પરન્તુ ખરી રીતે જોતાં એને નિદ્રાજાગ્રતની હાલત કહેવાઈ શકાય, કારણકે એમાં નિદ્રા તથા જાગ્રત બે અવસ્થાનાં લ-

---

* કેટલાક માણસની નિદ્રાવસ્થામાં જૂદી જગાએ જવું ઇત્યાદિ શરીર તથા મનના કામ કરે છે તોપણ જાગ્રત થયાથી તેનું કંઈ પણ સ્મરણ રહેતું નથી. કેટલાક માણસોની કુદરતી આવી અવસ્થા થાય છે.

લક્ષણ દીઠામાં આવે છે. એ સ્થિતિમાં બેહ્રાનથી જે કામ થાય છે તેનો સારાંશ નીચે આપવામાં આવેછે.

૧. આ નિદ્રાની અવસ્થા સંપૂર્ણ શાન્ત ચિત્ત સ્થિર હોય છે. એમાં ઊંઘનારને બહારનું જ્ઞાન રહેતું નથી, પણ નિદ્રા કરાવનાર પ્રશ્ન પૂછે છે, તો તેનો જવાબ આપે છે. પછી તે જાગે છે, તો તેની નિદ્રાવસ્થાના કોઈ પણ બનાવ યાદ રહેતા નથી.

૨. આ સ્થિતિમાં બેશુદ્ધ થનારનો આત્મા બેશુદ્ધ કરનારની જોડે તેઓ મળી જાય છે કે, પોતાને એકદમ વીસરી જાય છે, અને તેનું નામ પૂછ્યાથી તે કહી શકતો નથી, ઉલટો કોઈ કોઈ ઠેકાણે બેશુદ્ધ કરનારનું નામ કહે છે.

૩. બેશુદ્ધ થનારની આંખ બન્ધ રહે છે, તો પણ તે જોતો હોય એવી રીતનું વર્ણન કરે છે, અને બેશુદ્ધ કરનારના સ્વર સિંવાય બીજો કોઈ શબ્દ તે સાંભળી શકતો નથી.

૪. બેશુદ્ધ થનારના શરીર ઉપર જખમ કર્યાથી પણ તે જાણવા પામતો નથી. પરન્તુ એ શુદ્ધ કરનારના શરીર પણ જરા પણ જખમ કરવામાં આવે, તો તેનો અનુભવ કરે છે.

૫. નિદ્રિત નિદ્રાકારકનો એટલો વશીભૂત થઈ જાય છે કે, તે તેની ઈચ્છા સિવાય ઉઠી અથવા પોતાના હાથ પગ વગેરે હલાવી અથવા બોલી શકતો નથી, અને કોઈ વેળાએ ઉંઘ લાવનારની તરફ ખેંચાય છે અને તેને કોઈ જાતની હરકત પહોંચ્યાથી બધું પ્રકાશ કરે છે.

૬. નિદ્રિતની હાલત નિદ્રાકારકની શરીર તથા મનની સ્થિતિની તુલના થાય છે. જેમ કે નિદ્રા કરાવનાર ખાય છે તથા પીએ છે તો બેશુદ્ધ થનાર તૃપ્તિ પૂર્વક પોતાનું મુખ હલાવે છે, કોઈ સુગંધી ફૂલ સુગંધ્યાથી ખુશબો તથા દુર્ગંધનો વાસ લીધાથી પ્રાપ્ત અસન્તોષનાં ચિહ્ન દેખાડે છે. જો નિદ્રા લાવનારના હાથમાં ટાંકણી ફેકવામાં આવે, તો બેશુદ્ધ થયલો માણસ પોતાનો હાથ ખેંચી લઇને તે પોતાના હાથ ઉપર ફુંક મારે છે અને વેદના થતી હોય એવો અવાજ કાઢે છે.

૭. નિદ્રિત નિદ્રાકારકની અથવા તે જેની જોડે તેનો આત્મા સં-મિલન* કરે છે, તેના મનના ભાવ કહી શકે છે.

૮. કેટલાક બેશુદ્ધ કલેર્વયેન્ટ એટલે શુદ્ધ રીતે જોનારની સ્થિતિને પ્રાપ્ત થાય છે, તેમાં તેની આંખ બંધ હોવા છતાં તે પાસેની કે દૂરની વસ્તુ જુએ છે. અને દૂરના બનાવ કહી શકે છે.

૯. આ સ્થિતિમાં નિદ્રિત બીજાના દુઃખનું વર્ણન કરતાં અને તે મટાડવાનો ઉપાય કહેવામાં શક્તિમાન થાય છે.

૧૦. કોઈ માણસની વીંટી, હાથના અક્ષરો અથવા માથાંના વાળ વગેરેથી તેના સારા નરસા આચરણનું વર્ણન કરે છે.

૧૧. આ સ્થિતિમાં બેશુદ્ધ થનાર માણસ કોઈ કોઈ વખતે ભવિષ્યની વાત પણ માણસની આગળ કહી શકે છે, જેવી કે એ અથવા બીજા માણસ જેની જોડે તેનું આવું મિલન થયું છે, તેને કોઈ પીડા થવાની હોય તથા તે કેટલો વખત સુધી બીમારી રહેશે તે મુકરર કરીને કહી શકે છે.✠

ઉપર લખેલા ઉપરથી સિદ્ધ થશે કે મેસમેરિઝમ અથવા એનિમલ માગનેટિઝમ શકિતથી ખેંચાઇને માણસ બેશુદ્ધની હાલતમાં જે કામો કરે છે તેની જોડે મિડિયમથી થતાં કામનું સરખાપણું જોવામાં આવે છે. આ શક્તિનું સ્વરૂપ શું છે તે પ્રાકૃતિક વિજ્ઞાનવિત્તા આજ સુધી નક્કી કરી શક્યા નથી. એટલું તો સિદ્ધ થયલું છે કે, ગરમી, તેજ, વિજળી તથા લોખંડની આકર્ષણ શક્તિ વગેરે કેટલાક ભારત્વરહિત સૂક્ષ્મ પદાર્થ છે, એ શકિત પણ તેવી જાતની છે તેમાં સન્દેહ નથી.

જર્મનીનો પ્રસિદ્ધ વિદ્વાન હાઇકેનવાડે અયસ્કાન્ત મણિ તથા સ્ફટિક વગેરે વસ્તુથી આવી રીતની નિદ્રા ઉત્પન્ન કરી હતી, અને જે શકિતથી

---

* બીજાની જોડે બેશુદ્ધ થનારનું સંમિલન કરવાનું પ્રકરણ એ છે કે નિદ્રાકારક તે માણુશના હાથ નિદ્રિતને સમર્પણ કરે છે અથવા તેની જોડે વાતચીત કરી આપે છે.

✠ Dr. Gregory's Letters on Animal Magnetism.

આ કામ થાય છે, તેનું નામ ઓડાઇલ રાખ્યું હતું. તેણે બહુ જાતની પરીક્ષા કરીને સ્થિર કર્યું છે કે, આ પદાર્થ અથવા શક્તિ સર્વત્ર તથા સર્વે વસ્તુમાં વ્યાપેલી છે. એ ગરમી, પ્રકાશ, વિજળી તથા લોઢાની આકર્ષણ શક્તિમાં પણ છે, તે છતાં એ સર્વથી ભિન્ન છે. ડાક્ટર ગ્રેગમરિ નિશ્ચય કરીને કહે છે કે, ઓડાઇસ તથા એનિમળ મગ્નિટિઝમ એક જ વસ્તુ છે.*

એ વસ્તુનો એક જાતનો ક્ષણી તેજ અથવા જ્યોતિ છે, જે ચુમ્બક વગેરે વસ્તુમાં વિશેષ પ્રકૃતિવાળા માણસોથી જોવામાં આવે છે અને આ જાતની નિદ્રા પ્રાપ્ત ઘણા માણસોએ નિદ્રાકારકના હાથની આંગળાઓમાં તથા આંખમાં એક જાતની જ્યોતિ જોઇ છે. વળી એ પણ નક્કી થયું છે કે, ગરમી, તેજ તથા વિજળી વગેરેના પેઠે આ પદાર્થની ગતિ સર્વ તરફ થાય છે, તેથી એ એક વસ્તુથી બીજી વસ્તુમાં જઇ શકે છે અને જેમ એ સર્વ પદાર્થ પાસેની વસ્તુના એક મેકની સાથે એક સરખી અવસ્થા કરાઇ શકાય છે, જેમ કે કોઇ બે વસ્તુમાં એક મેકમાં વધતા ઓછાપણામાં ગરમી હોય તો વધારે ગરમ વસ્તુથી કંઇ ગરમ ઓછી ગરમ વસ્તુમાં પ્રવેશ કરીને બેઉ વસ્તુની સમાન ગરમી ઉત્પન્ન થઇ શકે છે, તેમ બે વસ્તુમાં એક મેકથી ઓછુ વધતું હોવાથી એકથી કેટલુંક આપ્યાથી બીજું સરખાપણામાં આવે છે.

વિજળીનો ગુણ પણ તેવો જ છે. જે વસ્તુમાં એના સ્વાભાવિક પરિમાણના કરતાં વધારે વિજળી હોય છે તેને વિજળીના વિજ્ઞાનશાસ્ત્રમાં પઝેટિવ અને જેમાં થોડું હોય છે તેને નેગેટિવ કહે છે. એનિમલ માગનેટિઝમ વિષય પણ આ બે શબ્દ વપરાય છે એટલે નિદ્રાકારકને પઝેટિવ અને નિદ્રાના પાત્રને નેગેટિવ કહેવામાં આવે છે. આ શબ્દને બદલે સબળ અથવા પુષ્ટ અને દુર્બલ અથવા ક્ષીણ વાપર્યાથી એનો તાત્પર્ય વાંચનારને સારી રીતે સમજાશે.

જ્યારે બેભાન કરાવનાર પોતાનો હાથ ચલાવીને તથા મનની એક-

* Dr. Gregory.

ગ્રતા કરીને પોતાના શરીરમાંથી એનિમલ માગનેટિઝમ નિદ્રાને પાત્ર કરનારના શરીરમાં પ્રવેશ કરાવે છે, ત્યારે તેનો આત્મા થોડા કાળને માટે નિદ્રાકારકના આત્માની સાથે મળે છે, તેથી નિદ્રિત માણસ પોતાના જ્ઞાનથી શૂન્ય થઇને બેહ્રાન કરાવનારના સંપૂર્ણ રીતે તાબે થાય છે. એટલા માટે એનિમલ માગનેટિઝમને એક જાતની મોહિની શક્તિ કહી શકાય અને આ શક્તિ બીજા ઘણીક જાતના જનાવરોને વાપરતા જોવામાં આવે છે. ડાકટર બ્રિટેન કહે છે કે સાપ તથા બિલાડી એઓના ખાવાના પક્ષી ઉંદર વગેરે જન્તુને આ શક્તિ સંચાલનથી મોહિત કરીને ખાય છે. સાપ જ્યારે એ શક્તિ પ્રકાશ કરે છે ત્યારે પોતાનું માથું ઉપાડીને ખાવાના જીવન ઉપર એકી નજરે જોય છે અને તેની આંખ ઘણી જ ઉજ્વલ દેખાય છે. થોડો વખત પછી આવી રીતે એકીનજરે જોયાથી જીવ, એકીવારે મોહિત અથવા વિહ્વલ થઈ જાય છે, તે ત્યાંથી જવાને અશક્ત થાય છે, ઉટલો ધીરે ધીરે સાપની પાસે આવતો જાય છે.*

અધ્યાત્મતત્વવાદીઓ કહે છે કે, જેમ એક માણસ એનિમલ માગનેટિઝમથી બીજા માણસને વશીભૂત કરે છે, તેમ આત્મા પણ આ શક્તિથી મિડિયમના મનને તાબે કરે છે અને તેના યોગે પોતાની મતલબ પ્રકાશિત કરે છે. જેમ નિદ્રા કરાવનાર પઝેટિવ એટલે સબલ તથા નિદ્રિત નેગેટિવ એટલે દુર્બલ તેમ આત્મા સબળ તથા મિડિયમ દુર્બલ છે, તેથી દુર્બલ સહેલાઇથી સબળના વશીભૂત થાય છે, કારણ કે આ નિયમ સર્વત્ર જોવામાં આવે છે. ટૂંકામાં આ સબળતા અથવા દુર્બલતા માનસિક વૃતિના ઉપર વધારે આધાર રાખે છે.

જડજ એડમન્સે લખ્યું છે કે, આત્માના કામમાં ઇલેકટ્રિસિટી એટલે વિજળી તથા માગનેટિઝમ એટલે લોહચુમ્બકની શક્તિનો વિશેષ સંબંધ છે, કારણકે તેણે જોયું છે કે, વિજળીનો સંચો તથા ચુમ્બકનો ઉપયોગ કર્યાથી મિડિયમની શક્તિ પ્રકાશિત થવાનો લાગ મળ્યો છે. તે વળી કહે છે કે, આ બે શક્તિની જોડે થોડો ઘણો સંબંધ છે અને

* Dr. S. B. Brittan's Man and his Relation, p. 217.

તેણે પોતે અંધારા ઓરડામાં કેટલાંક માણસોનાં માથાં તથા હાથમાંથી વધતી ઓછી જ્યોતિ નીકળતી જોઈ છે.

કેટલીક જગાએ આત્માને આ વિષયના પ્રશ્ન પૂછ્યાથી આ જવાબ મળ્યો છે કે, આ કામ ઇલેકટ્રિસિટીથી થાય છે અને એ શક્તિ આત્માના હાથથી સંચાલિત થાય છે. કેટલાક લખનારા મિડિયમોએ કહ્યું છે કે, જ્યારે તેઓ લખે છે, ત્યારે એક જાતની શક્તિ તેઓના મગજમાં પ્રવેશ કરીને ત્યાંથી હાથના ઉપર આવિર્ભૂત થાય છે. કેટલાકની ગરદનપર એક જાતની વેદના તથા શીતલતા જણાય છે. કેટલાક જોનાર મિડિયમોએ કહ્યું છે કે, તેઓના મુખ તથા ભમર ઉપર કોઇ જાતનો થંડો વાયુ વાય છે, તેથી તે આંખ મીંચીને નાના પ્રકારની વસ્તુ જુએ છે.

એ. જે. ડેવિસ, જે અધ્યાત્મતત્વવેતાઓમાં પહેલે નમ્બરે હતો, તેણે કહ્યું છે કે, ટકોરા મારવા તથા મેજ હલવી વગેરે કામ બહારની ઇન્દ્રિયથી જણાય છે, એ ઇલેટ્રિસિટી એટલે વિજળીની શક્તિથી થાય છે. એવા કામ એ મિડિયમની શરીરની પ્રકૃતિના ઉપર આધાર રાખે છે, એમાંની બુદ્ધિવૃત્તિ તથા ધર્મપ્રવૃત્તિનું ભલુ થતું નથી કારણ કે આ ઠેકાણે આત્માઓના અભિપ્રાયો મિડિયમના મનમાં પ્રવેશ ન થતાં કેવળ વિજળીના સ્પન્દનથી પ્રેરિત થાય છે પરન્તુ જ્યારે પારલૌકિક વિજ્ઞાપન મિડિયમના મનમાં ઉતરે છે. જેમ દર્શી તથા ભવિષત્વાદી વગેરે મિડિયમથી થાય છે, ત્યારે મિડિયમની મનની વૃત્તિયો યથાયોગ્ય એક મેકની જોડે મળે છે તથા સરખાપણામાં ન આવતા એ કામ થતું નથી. તે વળી એ પણ કહે છે કે શરીરમાંથી વિજળી નીકળીને ગૃહાકાશમાં ફેલાય છે, અને મંડળના માણસોના ગાઢા ધ્યાનને લીધે તેઓના પણ શરીરમાંથી એ પદાર્થ નીકળીને તેઓમાં જોડાય છે. પરન્તુ મન ચંચલ થવાથી એ પદાર્થ માથાંમાંથી ખેંચાય છે, અને મનના કામ કરતાં બંધ થયાથી એ મગજમાંથી ઉતરીને શરીરના સઘળા સ્નાયુમાં સંચાલિત થઇને આખરે આકાશમાં ભળી જાય છે. આ કારણથી મિડિયમનું મન ઉત્તેજિત થયાથી આત્માના કામ થતાં બંધ પડે છે.

એટલા માટે માણસોથી કોઈ વિષયમાં પૂછેલા સવાલો આત્માઓ

તેનો જવાબ જે નિયમથી આપે છે, તે સહજ પ્રાકૃતિક તથા દાર્શનિક શાસ્ત્રને આધારે છે અને યુકિતસિદ્ધ છે. દરરોજ મેગનેટિક ટેલિગ્રાફથી જે નિયમથી જૂદી જૂદી જગાએ ખબર મોકલાવવામાં આવે છે, તે કરતાં આ બનાવ કંઇ વધારે ગુંજવાડા ભરેલો અથવા વધારે અજાયબ ભરેલો નથી. આ વિષયમાં આપહ્રસમને જે કહ્યું છે અને જેમાં કેવિસે અનુમોદન આપ્યું છે તે આ ઠેકાણે આપીએ છીએ.

"વિજળીની શકિતથી પરલોકના રહેવાસીઓની સાથે માણસની વાતચીત તથા" મેગનેટિક ટેલિગ્રાફથી એક ઠેકાણેથી દૂર દેશના બીજા ઠેકાણાપર ખબર મોકલાય છે આ બે કામની રીતિ એક સરખી છે; એ સમજવાને માટે પહેલા જાણવું જોઇએ કે, સર્વે સૃષ્ટ વસ્તુમાં એક બીજા-ની જોડે એક એક મુકરર વિજળીનો સંબંધ છે, એટલે આ જગત્ ઉચ્ચ પંકિતની વસ્તુ નીચ પંકિતની વસ્તુની સાથે પોઝટિવ એટલે સબળ જેમ કે ધાતુથી વનસ્પતિ અને વનસ્પતિથી જીવ અને જીવથી માણસ સબળ છે. આના કરતાં ઉચ્ચતર ઉન્નતિના પાયરી પણ આ નિયમથી પ્રતિષ્ઠિત છે, એટલે જડ જગતમાંથી અધ્યાત્મિક જગત સબળ છે; કારણ કે, એ જડજગતથી વધારે ઉન્નત તથા પૂર્ણ અવસ્થાને પ્રાપ્ત છે. જ્યારે આત્મા જડશરીરને છોડે છે, ત્યારે એનું જ્ઞાન તથા શકિતનું કોઇ રીતે ઓછા-પણું થતું નથી, ઉલટું વધવાનો સંભવ છે, કારણ કે, મનુષ્ય જાતિના ઇતિહાસમાં ડગલે ડગલે જોવામાં આવે છે કે, આત્મા શરીરમાં રહેવાની વખતે જેટલો સુધરે છે, તેટલું તેનું જ્ઞાન તથા શકિત વધે છે, તેથી જ્યારે આત્મા જ્ઞાન તથા પવિત્રતા પૂર્ણ પરલોકવાસીની જોડે મળે છે, ત્યારે પૃથ્વીના સૂક્ષ્મ પદાર્થોના ઉપર તેની વધારે શકિત તથા એ કામ કરવાના નિયમોનું ઉચ્ચતરૂ જ્ઞાન થાય એ કંઇ વિચાર સિદ્ધ છે. આ આત્માઓ સાક્ષાત્ સંબંધમાં જડ વસ્તુનો સ્પર્શ કરવામાં અસમર્થ છે ખરા. પરન્તુ ઇલેકટ્રિસિટી તથા માગનેટિઝમથી એ વસ્તુઓના ઉપર સંપૂર્ણ સત્તા મેળવી શકે છે તથા કરે છે. એટલા માટે પરલોકમાં આત્માની ઉન્નતિ થાય છે. એ માનવાથી નિશ્ચય થયું છે કે, પ્રાકૃતિક નિયમ પ્રમાણે પર-

લોકના રહેવાસીઓ પૃથ્વીમાં પોતાના મિત્રો તથા સગાંવહાલાંની જોડે વિજળીની શક્તિથી વાતચીત કરવાની શક્તિ ધરાવે છે. કુદરતના નિયમ પ્રમાણે જ્યારે માણુસને મિડિયમની શક્તિ આવે છે, ત્યારેજ આત્મા આપણી જોડે વાતચીત કરીને આપણી મનોવાંછના પૂર્ણ કરે છે. કોઇ કોઈ વખતે હાનાહાઉસ વગેરે ઠેકાણેથી પણ આ મિડિયમની શક્તિ ઉત્પન્ન થાય છે, કેમકે એ સર્વ ઠેકાણે વિજળી કોઇ કારણને લીધે એટલી સૂક્ષ્મ થાય છે કે, તેનાથી આત્માઓ પોતાની મેળે આવે છે તથા શક્તિ વિવિધ પ્રકારથી પ્રવેશ કરવાને સમર્થ થાય છે. આગળ લખેલા ફોકસના કુટુમ્બમાંની છોકરીઓ અને બીજાં સેંકડો માણસોનાં શરીરમાંથી નીકળતી વિજળી અતિ સૂક્ષ્મ છે તેમાં કંઈ પણ ખોટાપણું નહિ હોવાથી એઓએ મિડિયમ થઇને આત્માનું કામ દેખાડયું છે. માણસના કરતાં આત્મા વધારે સબળ હોય છે, એ કારણથી એઓ મિડિયમની તરફથી વિજળીની વસ્તુ લઇને ઘરનો સામાન ખેંચે છે તથા દૂર મૂકે છે, વાંજાના તારો ધૂજાવે છે અને મેગનેટિક ટેલિગ્રાફની પેઠે પોતાની ઇચ્છા પ્રમાણે માગનેટિઝમ પ્રવાહ મોકલીને વર્ણમાળાના અક્ષરો વિશેષમાં ટકોરા ઉત્પન્ન કરવામાં શક્તિમાન થાય છે. ”

એટલા માટે અધ્યાત્મ તત્વવાદીઓ આ વિષયમાં જે સર્વે કારણો દેખાડે છે, તેના ઉપરથી સિદ્ધ થાય છે કે, આત્માનાં કામો જે પહેલાં આપવામાં આવ્યા છે તે ઇલેકટ્રિસિટી તથા માગનેટિઝમ અથવા ઓછાપણાની શક્તિ પૂર્ણ કરવાથી થાય છે અને તેના ઉપર પક્ષપાત શૂન્ય થઇને વિચાર કર્યાથી દેખાડેલાં કારણો ખરા તરીકે સમજાશે એવું અમે ધારીએ છીએ. મતલબ કે જેઓ ઘણાજ સન્દેહવાદીઓ છે તેઓ આનો વાંધો કાઢશે કે, જ્યારે કોઇ માણસ પોતાની પ્રકૃતિ પ્રમાણે પોતાને ક્લેયર્વયેન્સ એટલે સ્પષ્ટ જોનાર વગેરે અસાધારણ શક્તિ દેખાડે છે, ત્યારે ઉપર કહેલા બનાવો મિડિયમની સ્વાભાવિક શક્તિથી થવા એ અસંભવ નથી. તેથી આ વિષયને આત્માથી થયલા માનવા એ નિષ્પ્રયોજન

જણાય છે. પરન્તુ એ સન્દેહ કરનાર માણુસોએ વિચાર કરવો જોઇએ કે, કોઇ મનુષ્યની મગજમાંથી વિજળીની શક્તિ કુદરતી નીકળીને મેજ વગેરે ભારી ભારી વસ્તુઓ હલાવે તથા ઉપાડે, અથવા મિડિયમ તથા બીજા માણસના મનના પ્રશ્નોના ખરા જવાબના સ્વરૂપ શબ્દ કાઢે વગેરે જ્ઞાનના કામ કરે છે. એ વિશ્વાસ કરવાના કરતાં આત્માનું કામ કબૂલ કરવું સહજ તથા પ્રત્યક્ષ સિદ્ધ છે.

ઉપર લખેલા આત્માનાં કાર્યનાં ઉપર વિશ્વાસ રાખવાને માટે એક મોટામાં મોટી અડચણ એ છે કે, ઘણાકોનો આવો ખ્યાલ તથા સંસ્કાર છે કે, મનુષ્યનો આત્મા નિરાકાર છે એકલા મૃત્યુના પછી તે કેવી રીતે નજરે પડે, અથવા તેનાથી વિજળીની શક્તિ બહાર કેવી રીતે સંચાલિત થઇ શકે પરન્તુ એ તેઓની ભૂલ છે, કારણ કે માણસનું જેમ જડ એટલે સ્થૂલ શરીર જોવામાં આવે છે, તે પ્રમાણે એક સૂક્ષ્મ અધ્યાત્મિક શરીર સ્થૂલ શરીરની અન્દર છે. આ સૂક્ષ્મ શરીર બાહારની ઇન્દ્રિયનો વિષય નથી ખરો, પણ અન્તર ઇન્દ્રિયથી જોવામાં એટલે અન્દરની ઇન્દ્રિયો ખીલ્યાથી તે જોવામાં આવે છે. જડ શરીરનો નાશ થયાથી સૂક્ષ્મ શરીરનો નાશ થતો નથી, મતલબ કે મૃત્યુના પછી આત્મા આ સૂક્ષ્મ શરીર ધારણ કરીને પરલોકમાં જાય છે. *

કેટલાક જીવતા માણસના આત્મા પણ છેટેના માણસની આગળ આવેલાના વૃત્તાન્ત મળે છે. તેમાંનું એક દૃષ્ટાન્ત નીચે આપવામાં આવેછે.

અમેરિકાના ફિલેડેલ્ફિયા શહેરની પાસેના એક નિર્જન ઘરમાં એક ઉદાસીન રહેતો હતો. તે ઘણો દયાવાન હતો પણ તે સર્વદા એકલો રહેતો હતો અને લોકોની જોડે વધારે વાતચીત કરતો નહોતો તથા મળતો નહોતો. આવું લોકોમાં ફેલાવ્યું હતું કે, તે માણસના અગોચર વિષય કહી શકે છે અને બીજા અલૌકિક કામ પણ કરે છે. તે શહેરમાંનો એક કપ-

---

* Life, its nature, varieties and Phenomena by L. H. grindon lecturce on botany p. 148.

તાને આફ્રિકા તથા યુરોપમાં જવાની વેળાએ પોતાની સ્ત્રીની આગળ અમુક સમયમાં આવવાનું તથા પરદેશમાં રહેવાની વેળાએ સર્વદા પત્ર લખવાને માટે કહ્યું હતું. એ સ્ત્રી લાંબા વખતથી તેની વાટ જોતી હતી, તથાપિ તેના સ્વામીની કંઈ ખબર મળી નહિ, અને મુકરર કરેલો વખત પણ વહી ગયો તે છતાં તે પાછો ફર્યો નહિ. તેથી સ્ત્રી ઘણી ચિન્તાતુર થઇ, ક્યાં જવાથી સારી સલાહ મેળવીને ધીરજ ધરાય તે કંઇ નક્કી કરવા પામી નહિ. અન્તે એક મિત્રે તેને પેલા ધાર્મિક સાધુની પાસે જઇને પોતાનું દુઃખ જણાવવાની વિનંતિ કરી. તેથી તેણે તે સિદ્ધ પુરૂષની પાસે જઇને બધી હકીકત જણાવી. તે સાંભળીને પેલા ઉદાસીને કહ્યું કે, હું તમારા પ્રશ્નનો જવાબ આપું છું, તમે અહિં થોડો વખત થોભો. એવું કહીને સિદ્ધ પુરૂષ એક ઓરડાનો દરવાજો ઉઘાડીને તેમાં ગયો, અને તે સ્ત્રી ત્યાં બેઠી, પરન્તુ સાધુને આવતાં ઘણીવાર થયાથી તે સ્ત્રી ઉઠીને દરવાજામાં એક નાની ફાટ હતી તેમાં જોવા લાગી તો તેના જાણવામાં આવ્યું કે, એક બિછાનામાં તે પુરૂષ મરેલાના સરખો પડ્યો છે. પછી તે પોતાની જગાએ આવીને બેઠી, થોડીવાર પછી તે સાધુ બારણું ઉઘાડીને આવ્યો અને તે કહેવા લાગ્યો, " તમારો સ્વામી લંડનના એક કાફી હાઉસમાં રહે છે. જલદીથી અહિં આવવા નીકળવાનો છે તેથી આજ સુધી પત્ર લખી શક્યો નહિ. " આટલી વાત સાંભળીને પેલી સ્ત્રીને ધીરજ આવી અને પછી તે પોતાને ઘર આવી. સાધુએ જેવું કહ્યું હતું, તેજ થયું, એટલે તે સ્ત્રીનો સ્વામી સ્વદેશમાં પાછો આવ્યો અને તેને પાછો આવવાની વાર તથા પત્ર લખવાની ઢીલના કારણો પહેલાના ઉદાસીનથી જણાયલા હતા તેજ કહ્યાં. આ સ્ત્રી તે વેળાએ મનમાં આણવા લાગી કે, પોતાના પતિની સાથે તે મિત્ર તપસ્વીની જોડે મળ્યાથી તે ઘણો સન્તુષ્ટ થશે એવું સમજીને દંપતી પેલા સાધુના આશ્રમમાં ગયા. કર્પતાને એ માણસને જોતાં જ આશ્ચર્ય પામીને પોતાની સ્ત્રીને કહ્યું કે, અમુક દિવસે (એટલે જે દિવસે તેની સ્ત્રી ઉદાસીનની પાસે ગઇ હતી.) મેં આ માણસને એક કાફી હાઉસમાં જોયો હતો. તેણે તે વેળાએ મને કહ્યું હતું કે, તમારી સ્ત્રી તમારે માટે ઘણોજ ચિન્તાતુર છે, તેમાં મેં જે કારણથી સ્વ-

દેશમાં જવામાં તથા પત્ર વગેરે લખાઈ શકયો નહિ તે તથા જલદીથી પાછો ફરવાનો અભિપ્રાય તેને કહ્યો હતો, ત્યાર પછી એ માણસ તે જગા પરથી અદૃશ થઈ ગયો. ※

જીવતા માણસના આત્માની જોડે વાતચીત કરવાનું ઉદાહરણ જડજ એડમન્સે લખ્યું છે કે, બોસ્ટનમાં એક ચક્ર અને ન્યુયાર્કમાં બીજું એક ચક્ર હતું. બેઉ ચક્ર એક જ વેળાએ ભરાતા હતા, તેથી બે મિડિયમથી એક મેકની વાતચીત થતી હતી. જેમકે બોસ્ટનનું મંડળ પોતાના મિડિયમથી ન્યુયાર્કના મંડળના મિડિયમના આત્માથી અને ન્યુયાર્કનું ચક્ર ત્યાંના મિડિયમથી બોસ્ટન ચક્રના મિડિયમના આત્માથી ખબર મેળવતો હતો. આવી રીતે ઘણા મહીના સુધી બેઉ ચક્રના માણસોની સાથે એક મેકની વાતચીત થતી હતી. +

મૃત્યુની પછી આત્માનો કોઇ જાતનું શરીર રહેવું એ ઘણુંજ સંભવતું જણાય છે. કારણ કે જ્યારે આપણે એવો વિશ્વાસ છે કે, આત્માનો વિનાશ નથી, અને આ લોકમાં કરેલા કામનું ફળ પરલોકમાં ભોગવવું પડે છે, ત્યારે આત્માનો કોઇ જાતનો આકાર નહિ હોવાથી લોકાન્તરમાં એક માણસના આત્માથી બીજા માણસના આત્મામાં પ્રભેદ કેવી રીતે થાય અને પાપ પુણ્યની સજા તથા બદલો કેવી રીતે મળે ?

એટલા માટે જ્યારે આત્મા શરીરમાં રહે છે, ત્યારે પિતૃઓ જે પ્રકૃતિ વિશેષથી માણસના નજરમાં પડે છે એ શું વિચિત્ર છે, પરન્તુ સ્થૂળ શરીરના કરતાં સૂક્ષ્મ શરીરમાં બળ વધારે છે તે પણ યુક્તવાળું છે. કારણ કે સ્થૂળ પદાર્થના કરતાં સૂક્ષ્મ પદાર્થનું બળ દેખાડવાના દૃષ્ટાંત આપણે સર્વદા જોઇએ છીએ. જેમ કે ધાતુ તથા પાણીના કરતાં વાયુ સૂક્ષ્મ છે, તે છતાં તે પ્રચંડ થયાથી પર્વત વગેરે ભાગીને ચૂરેચૂરા તથા સમુદ્રનું પાણી ઉછળીને તથા જમીનપર રેલ આવે છે. વરાળયંત્રના હાથો

※ Dr. Juny—Stilling's Theory of Pneumatology p. 74.

\+ Spiritual Tracts No. 7, p. 5.

આવા સૂક્ષ્મ પદાર્થના બળથી ચાલે છે. તેમજ વિજળીના બારીક પ્રવાહથી દીવા, તાર, તથા દૂર શ્રવણ વગેરે થાય છે. એટલા માટે સૂક્ષ્મ શરીર વાળા આત્માઓ માણુસના કરતાં વધારે બળવાન તથા આવાં કામ કરવામાં સમર્થ થાય છે તેમાં કંઇ પણ સન્દેહ થઇ શકતો નથી.

મૃત્યુ કાળે આત્મા જડ શરીરથી જૂદો પડીને કેવી રીતે અધ્યાત્મિક શરીર ધારણ કરે છે તેનું વર્ણન અહિં આપવામાં આવે છે.

ડેવિસ નામનો એક પુરૂષ જે એક ખરો ક્લેયર્વૉયેન્ટ " એટલે સ્પષ્ટ જોનારો થઇ ગયો છે, તેણે લખ્યું છે કે, મૃત્યુ મનુષ્યનું અનન્ત જીવનનો એક બનાવ અથવા ફેરફાર માત્ર છે. આ જીવનની એક નવી અને ચઢતી સ્થિતિમાં લઇ જવાનો જન્મ છે. તેણે ૬૦ વર્ષની એક બુઢીના મરવાના બિછાનાની પાસે બેસીને પોતાની સ્પષ્ટ જોવાની શકિતથી મૃત્યુનું પ્રકરણ પ્રત્યક્ષ કરીને જે રીતનું વર્ણન કર્યું છે તેનો તાત્પર્ય આ છે કે, મૃત્યુની વખતે આખા શરીરની વાઇટાલ ઇલેક્ટ્રિસિટી તથા વાઇટાલ માગનેટિઝ્મ એટલે જીવન સંબંધી વિજળી તથા આકર્ષણ શક્તિ માથામાં એકઠી થાય છે, ત્યારે માથું એક સૂક્ષ્મ સુન્દર પ્રકાશમય મેઘથી ઘેરાય છે. એ મેઘમાં એક એક માથું ગરદન ખભા તથા છાતી વગેરે ધીરે ધીરે સઘળા શરીરના સૂક્ષ્મ આકાર બનીને એક જાતનું પૂરેપૂરૂં અધ્યાત્મિક શરીર* બને છે. આ બનાવ ચામડીની આંખથી જણાતો નથી, મતલબ કે, જેની અધ્યાત્મિક દૃષ્ટિ સુન્દર પ્રકારે ખીલેલી છે તે માણુસ જોવામાં સમર્થ થાય છે.

આ કાર્ય થતી વેળાએ મરવા પડેલા માણુસની આગળના માણુસો તેનાં શરીરના વિકૃત ચિહ્ન જોઇને સમજે છે કે, તેને ભારે અસુખ તથા મૃત્યુ યાતના થાય છે, પણ ખરેખર તેમ નથી, કારણ જીવની શકિત

---

* આપણા દેશના પ્રાચીનકાલના પંડિતો આત્માનું સ્થૂલ તથા સૂક્ષ્મ બે જાતનું શરીર કલ્પેલું છે જેમ કે " **मातापितृजं स्थूलं प्रायश इतरन्न तथा** " સાંખ્ય દર્શન. અ ૭ મું સૂત્ર.

શરીરમાં જવાનો ઉદ્યમ કરવાથી આવાં લક્ષણો પ્રકાશિત થાય છે, મરવા પડેલો માણુસ તેમાંનું કંઇ જાણુતો નથી.

આ અધ્યાત્મિક શરીર પહેલાના શરીરના એ અંગ વૈકલ્યાદિ દોષ રહિત તથા અપૂર્વ સુન્દર તથા સતેજવાળું દેખાય છે, અને જ્યાં સુધી સર્વાવયવવાળું ન થાય ત્યાં સુધી જડ દેહમાં જીવન સંબંધી વિજળીનો પ્રવાહ નવા શરીરમાં પ્રવાહિત થાય છે, પછી જ્યારે આત્મા આ સૂક્ષ્મ શરીરની જોડે ઉપર જાય છે, ત્યારે તે વિજળીનો સૂત્ર તુટી જાય છે. આ કામપરથી જન્મની જોડે મૃત્યુનું સરખાપણું તથા સંબંધ પ્રકાશ થાય છે. માણુસ જન્મતી વેળા એ માની નાડીથી જેવો જૂદો પડે છે તેવી રીતે મૃત્યુ કાલે પણુ તે વિજળીનો સૂત્ર જેનાથી જડ શરીરની સાથે આત્માનો મેલ રહે છે તે તુટી જાય છે. એટલા માટે મૃત્યુ અધ્યાત્મિક જગતનો જન્મ સ્વરૂપ માત્ર છે. *

કેટલાક મિડિયમ તથા સ્વભાવિક આત્મદર્શી તથા એનિમલ માગનેરિન્સથી નિદ્રિત માણુસની તરફથી મૃત્યુના વિષયમાં જે વર્ણુન પ્રકટ થયલું છે. તેની જોડે ડેવિસના આ વૃત્તાન્તમાં ઘણું ખરૂં મળતાપણું છે, વળી એ પણુ કહેવામાં આવ્યું છે કે, એનિમલ માગનેટિઝમથી જે નિદ્રા ઉત્પન્ન થાય છે, તેની જોડે મૃત્યુનું ઘણું સરખાપણું છે, એટલે મૃત્યુ થવાથી આત્મા જેમ જડ શરીરમાંથી નીકળે છે, તેમ નિદ્રાવસ્થામાં જાય છે, કેવળ આમાં એટલોજ ફરક હોય છે કે, મૃત્યુમાં આત્મા પાછો શરીરમાં પ્રવેશ કરી શકતો નથી. *

* Davis's great Harmonia Vol. I. p. 163.
* From matter to spirit by C. D. p. 132.

આત્માએ દેખાડેલા કામનું ફળ શું?

૧ મૃત્યુના પછી મનુષ્યનો આત્મા લોકાન્તરમાં રહે છે તે ઉપલાં કામોથી નિઃસંદેહ સિદ્ધ થાય છે. જો કે આત્માનું જ અવિનાશપણું શાસ્ત્ર તથા યુક્તિથી સિદ્ધ છે અને સર્વ કાળથી આ વિષય માણસોની તરફથી સાંભળવામાં આવેલો છે, તથાપિ હાલમાં બુદ્ધિવૃત્તિની ઘણી ચાલના થયાથી કેટલાક માણસો તેમાં સન્દેહ લાવે છે. મતલબ કે હાલમાં જેઓ પક્ષપાત શૂન્ય થઇને આ વિષયની તપાસ કરશે તો તેઓનો સન્દેહ જશે. કહેવાય છે કે, અમેરિકાના પુષ્કળ માણસો પરકાલ એકી વેળાએ માનતા નહોતા અને તેને લીધે નાના પ્રકારના ખરાબ કામમાં લાગતા હતા, તેઓ આ વ્યાપાર જોઇને દૃઢતા વિશ્વાસવાન થઇને પોતાનું ચારિત્ર સુધાર્યું છે. તેમ જ આ લખનારનો એક મિત્ર જે બીએ તથા વકીલ હતો તે પહેલા ઇશ્વર ઉપર તથા પરકાલ ઉપર કંઇ પણ વિશ્વાસ રાખતો નહોતો પણ જ્યારે આત્માની જોડે વારંવાર મેળાપ કર્યો ત્યારે તે મોટો આસ્તિક થયો છે.

૨ આ કામથી ખાતરી પૂર્વક જણાય છે, કે આ પૃથ્વીમાં જેઓ આપણને અતિશય સ્નેહ તથા પ્રીતિ પાત્ર હોય છે, મૃત્યુથી તેઓની જોડે આપણો હમેશનો વિચ્છેદ થતો નથી. ઉલટો આપણી જીવદશામાં પણ તેઓ સર્વદા પાસે રહીને આપણું ભલું કરવાનો યત્ન કરે છે, અને આપણી ચાલચરણ સુધાર્યાથી વારંવાર તેઓની જોડે આપણો મેળાપ થઇ શકશે. એટલું જ નહિ પણ આ પૃથ્વીમાં રહેવાની વેળાએ પણ તેઓની જોડે બોલવાની પણ સંભાવના છે.

૩ આ કામથી મૃત્યુનું સ્વરૂપ જણાયું છે, એના ઉપર જે મોટો તથા વગર પાયાનો ભય હતો, તે પણ જતો રહ્યો છે, કારણ કે તેથી જણાયું છે કે મૃત્યુ માણસનું એક જાતનું પુનર્જન્મ માત્ર છે.

૪ એ પણ સાબેત થયું છે કે, આપણે આત્માઓથી ઘેરાઇ રહેલા છીએ. તેઓ આપણા અન્તઃકરણના છુપા ભાવો પણ જાણી શકે છે.

જેઓનો આવો દૃઢ વિશ્વાસ થયો છે તેના મનમાં કોઇ અપવિત્ર ભાવનો ઉદય થવા પામતો નથી. આ વિશ્વાસને પાપના અટકાવ કરનાર તથા પુણ્યને પ્રેરણ કરનાર તરીકે સમજવો જોઇએ.

૫ આ કાર્યથી એ પણ નક્કી થયું છે કે, પરકાલમાં આપણી સદ્દગતિ આ લોકમાં કરેલા સારાં નરતાં ઉપર વધારે આધાર રાખે છે. અહિં આપણો આત્મા જેટલો શુદ્ધ થાય, તેટલું આપણે પરલોકમાં સુખ ભોગવવાના અધિકારી થઇએ છીએ.

૬ એનાથી આ એક અપૂર્વ જ્ઞાનરત્ન મળ્યું છે કે, જન્મથી લઇને અનન્તકાલ સુધી આપણે જ્ઞાનમાં, પ્રેમમાં તથા પવિત્રતામાં ચઢતી કરીને તે અનન્ત પૂર્ણ પુરૂષની આગળ જઇશું. તો પણ ઉન્નતિ કોઇ બનાવથી થોડીવાર સુધી બંધ થઇ શકે છે પરન્તુ તે કદી એકીવારે બંધ થઇ જતી નથી. *

* Spiritualism By J. Edmonds p. 61.

કોઈ કોઈ આત્માઓનાં વચનો એક બીજાની જોડે મળતાં નથી તેનું કારણ શું ?

ઘણીક જગાએ આવું બને છે કે, અધ્યાત્મતત્વ મંડળમાંથી કોઈ વિષયના પ્રશ્નો થયાથી એક આત્માએ તેનો જે જવાબ આપ્યો છે. તે બીજાએ આપેલા ઉત્તરની જોડે ઘણો જ તફાવત જોવામાં આવે છે. આવા કારણથી ઘણાકના અન્તઃકરણમાં આત્માનાં કામોનાં ખરાપણાના વિષયમાં ઘણાક સન્દેહ ઉત્પન્ન થાય છે, તે વાસ્તે જાર્જ એડમન્સ આ જૂદાઈનું કારણ દેખાડે છે તેનો સારાંશ અહિં આપવામાં આવે છે.

૧ ઘણાક માણસોનો એવો વિચાર છે કે, પરલોકના રહેવાસીઓ સર્વજ્ઞ તથા વગર ભૂલના છે, પરન્તુ તેમ ખરેખર નથી, કારણ કે મૃત્યુકાળે મનુષ્યનો આત્મા જડ શરીર ત્યાગે છે ખરો, પણ બુદ્ધિ વૃત્તિ તથા ધર્મ પ્રવૃત્તિ તેની સાથે જાય છે, અને તે આ લોકમાં જેટલું જ્ઞાન મળવે છે, તેટલા જ્ઞાનવાળો થઈને લોકાન્તરમાં જાય છે અને જ્યાં સુધી ત્યાં વધારે જ્ઞાન મેળવતો નથી, ત્યાંસુધી એવીજ સ્થિતિમાં તે રહે છે. એ વાસ્તે દરેક આત્મા પ્રશ્નનો જવાબ પોતપોતાની બુદ્ધિ તથા જ્ઞાન પ્રમાણે આપે છે. તેથી વધારે જ્ઞાનવાન્ આત્માના કહેવાની જોડે જ્ઞાન વગરના આત્માના જવાબમાં જૂદાપણું થવાની સંભાવના છે. જો કે પરલોકમાં જ્ઞાન મેળવવાના પુષ્કળ ઉપાયો છે અને થોડી અડચણો છે, પણ એ જ્ઞાન એકદમ મળી શકતું નથી, કાલની રાહ જોવી પડે છે.

૨ લોકાન્તરમાં આત્મા કેવી રીતે રહે છે અથવા કેવી રીતે જીવન ગાળે છે, તેનું વર્ણન જે આત્માએ જેટલું જોયું છે, તેટલાનો તે જવાબ આપે છે. પરન્તુ જેમ આ લોકમાં બે માણસોને કોઈ વિષયમાં એક સરખું જ્ઞાન મળતું નથી, એટલે દરેકે જે ભાગ જોયો છે તે ભાગનું

વર્ણન કરી શકે છે, એ વાસ્તે કોઇ બનાવમાં એ સાક્ષીઓનાં પણ વચન સર્વ પ્રકારે એક સરખા થતાં નથી. આવી રીતે આત્માઓના વિષય પણ એક બીજાથી જૂદા પડે છે.

૩ પૃથ્વીમાં સઘળા માણસોનું જોવું તથા ભાષા શકિત એક સરખી હોતી નથી, એટલે કોઇ માણસ એક વિષય સ્પષ્ટ રીતે જોઇ શકતો નથી તથા કોઇ માણસ તે સ્પષ્ટ રીતે જોઇ શકે તોપણ તે સ્પષ્ટ રીતે વર્ણન કરવામાં અસમર્થ હોય છે. આ સર્વ માણસોના આત્મા પરલોકમાં જઇને જ્યાં સુધી તે આ દુર્બલતાથી નહિ છુટે ત્યાંસુધી તેઓની પ્રકૃતિ ઘણું કરીને તેવીજ હાલતમાં રહે છે, તેથી એવા આત્માઓના વાક્ય, જોવું તથા ભાષા શકિતની સ્પષ્ટતાની આશા રાખવી એ ફોકટ છે. આ કારણથી એઓના વર્ણન કરેલા વિષયો ભાષા વગેરેના દોષથી અસ્પષ્ટ જણાય છે.

૪. ઘણીક જગાએ મિડિયમના મતથી આત્માના અભિપ્રાયમાં ફરક પડે છે. એનું દૃષ્ટાન્ત એ કે, જો તમે કોઈ છેટેના માણસની આગળ માણસ મોકલીને વચનથી કોઈ ખબર મોકલો તો આ ખબર મોકલનાર માણસના મનના ભાવથી જરા અલંકૃત થશે તેમાં સન્દેહ નથી, તે પોતાની બુદ્ધિ પ્રમાણે તમારા વાક્યનો અર્થ જેવો સમજશે તેવી પોતાની ભાષાથી તે જણાવશે, કદાચ તમે જે વાત કહી નહિ હશે તે કહેશે, અથવા જે વચન કહ્યાં છે તે મૂકી દેશે. તેથી તે તમારા સમાચાર બરોબર કહેવાને અસમર્થ થશે. આ પ્રમાણે આત્માની કહેવાની મતલબ મિડિયમની ભાષા તથા મનના ભાવથી ફેરવાઇ જાય છે. જે ઠેકાણે આત્માના પ્રત્યેક વાક્ય મિડિયમથી બરાબર રીતે લખાય છે, કેવળ તે ઠેકાણે કંઈ ભૂલ થઈ શકતી નથી. પરન્તુ આવા બનાવ કવચિત જોવામાં આવેછે કારણ કે તેમાં મિડિયમનું પોતાનું જ્ઞાન રહિત તથા ઇચ્છાવૃત્તિ બંધ થવી અને આત્માનો પૂરેપૂરો તાબેદાર થવો જોઇએ.

૫. આત્માઓ મિડિયમને સંભળાવીને કોઈ શબ્દથી અથવા એની દૃષ્ટિમાં કોઈ ચિત્રપટ ઉઘાડીને પોતાનું કહેવું પ્રકાશ કરતા નથી, ટૂંકામાં તેઓ મિડિયમના મનમા જેવા ભાવ મોકલે છે તે આપણી બુદ્ધિથી બહાર કાઢે છે.

એટલા માટે ઉપર લખેલાં સર્વ કારણોના ઉપર નજર રાખ્યાથી પિતૃઓનાં અથવા પૂર્વજોનાં વાકયો કોઈ કોઈ વેળાએ એક બીજાથી ઉલટા જણાવા એ કંઈ આશ્ચર્યકારક જણાશે નહિ. જ્યાં સુધી પરલોકવાસિઓની જોડે આપણી વાતચીત થવાના ઉપાયો અસંપૂર્ણ અવસ્થામાં રહેશે, ત્યાં સુધી વાતચીતમાં ફેર પડયા સિવાય રહેશે નહિ. આધ્યાત્મિક જગતમાંથી જે કંઈ સત્ય આપણી પાસે આવે છે, તે માણસથી જરૂર પ્રકટ થશે. પરન્તુ માણસની અપૂર્ણ અવસ્થાને લીધે સત્ય ભૂલાવાની જોડે મળી જાય છે. આથી આપણું કર્તવ્ય એ છે કે વિચારરૂપે ઐશિક શક્તિ જે આપણા મનમાં રહેલી છે તેની યથાયોગ્ય ચાલનાથી પ્રકટ થયલા વિષયનું ખરાપણું નક્કી કરવું જોઇએ*.

* Spiritual Tract. No. 4 P. 5.